Let leave, *v.* (લેટ-લીવ) રહેવાદે.
Hon′-es-ty, *n.* (ઑનેસ્ટિ) પ્રમાણિકપણું, integrity.
Offered him the choice of four cities, ચાર શેહેરમાંથી જે પસંદ પડેતે તેને આપવા કહ્યું.
Let him leave me my honesty, તેણે મારૂં પ્રમાણિકપણું મારી પાસે રહેવા દેવું જોઇએ.

LESSON IX.

In′-lus-try, *n.* (ઇન્ડસ્ટ્રી) ઉદ્યોગ. મેહેનત, diligence.
Doth=Does, છે, આ ક્રિયાપદ પૂર્વે વપરાતું હતું.
Busy, *adj.* (બિઝિ) ઉદ્યોગી. How, *pron.* (હાઉ) કેવી.
Bee, *n.* (બી) મધમાખી.
(doth) Im-prové, *v.* (ડથ્ ઇમ્પ્રૂવ) સારો ઉપયોગ કરેછે, સારી રીતે વાપરે છે, makes better.
Shin′-ing, *adj.* (શાઇનીંગ) ચકચકીત, sunny.
(doth) gath′-er, *v.* (ડથ ગેધર) એકઠું કરેછે, accumulate.
Hon′-ey, *n.* (હની) મધ, the sweet concoction of bees.
All the day, સઘળો દીવસ, આખો દહાડો.
O′-pen-ing, *adj.* (ઓપનીંગ) ખીલતા, blooming.
Skil′-ful-ly, *adv.* (સ્કિલફુલિ) ચતુરાઇથી, dexterously.
Cell, *n.* (સેલ) મધપૂડો, hole of honey comb.
Neat-ly, *adv.* (નીટ્લિ) સફાઇથી, nicely

Spreads, *v.* (સ્પ્રેડ્ઝ) પાથરેછે, plasters, extends.
Wax,. *n.* (વૅક્સ) મીણ, substance obtained from the honey comb.
Lá-bours, *v.* (લેબર્ઝ) મેહેનત કરેછે, toils.
To store, *inf.*(ટુ-સ્ટોર) ભરી મૂકવાને, to lay up.
It=મધપુડો. Sweet, *adj.* સ્વીટ) મીઠો, agreeable to taste, palatable.
Would be bú-sy, ઉદ્યોગી થવાને ચાહું છું, would be diligent, would be active.
Too, *adv.* (ટુ) પણ. Hands, *n.* (હૅન્ડસ) હાથ (માણસો).
Mis′-chief, *n.* (મિસ્ચિફ) નુકશાન, harm injury.
Ev′-er, *adv.* (એવર) હમેશાં.
Shining hours=તડકાવાળા (ઉનાળાના દહાડાના) કલાક.
Sweet food=મધ.

LESSON X.

GALILEO. ગાલિલીઓ વિશે.

Galileo, *n.* (ગૅલિલીઓ) એક મહા પુરૂષનું નામ છે, એણે દુર્બિન શોધી કહાડી.
Italian, (ઇટૅલિયન) ઇટાલી દેશનો.
Was born, *v.* (વોઝ બૉર્ન) જન્મ્યો હતો.
Gen′-tleman, *n.* (જેન્ટલમૅન) ગૃહસ્થ, a man of birth.
Stu′-di-ed, *v.* (સ્ટડિડ) અભ્યાસ કીધો, અધ્યયન કીધું.
Ma-the-mat′-ics, *n.* (મૅથમૅટિક્સ) ગણિતશાસ્ત્ર, the science which treats of number, measure and quantity of things.
With such suc-cess′, (વીથ-સચ-સકસેસ) એવી સફળતાથી, with such happy end, prosperous issue.
Was ap-point′-ed, *v.* (વોઝ-ઍપૉઇન્ટેડ) નિમાયો, was nominated or fixed.
Pro-fes′-sor, *n.* (પ્રોફેસર) શિક્ષા ગુરૂ, અધ્યાપક, one who teaches any branch of learning.
U-ni-vers′-i-ty, *n.* (યુનિવર્સિટિ) પાઠશાળા, વિદ્યાલય.
Pisa, *n.* (પાઇસા) ઇટાલિ દેશમાં એક શેહેર છે.
Learn′-ed men, (લર્નેડ-મેન) વિદ્વતાવાળા માણસો, વિદ્વજ્જનો.

Shastris, *n.* (શાસ્ત્રિઝ) શાસ્ત્રીઓ.

Cared, *v.* (કેર્ડ) દરકાર રાખતા. But, *prep.* (બટ) શિવાય.

Was taught, *v.*.(ઉવૉઝ-ટૉટ) શીખવાતુ હતું.

Would try, *v.* (ઉવુડ-ટ્રાઇ) પ્રયત્ન કરવા ચહાતાં.

To dis-cov′-er, *inf.* (ટુ-ડિસ્કવર) શોધી કહાડવાને.

Laws of ná-ture, *n.* (લૉઝ-ઑફ-નેઇચ્યર) સૃષ્ટીના નિયમો, law of universe.

Oberv-a′-tion, *n.* (ઑબ્ઝવેશન) લક્ષપુર્વક અવલોકન, a noting.

Ex-pé-ri-ment, *n.* (એક્સપેરિમેન્ટ) પ્રયોગ, practical proof.

On the oth′-er hand, (ઑન-ધી-અધર-હૅન્ડ) એથી ઉલટું.

De-vot′-ed, (himself) (ડિવોટેડ) મંડ્યો, લાગ્યો, applied to, dedicated.

Ná-tur-al Sci′-ence, (નૅચરલ-સાયન્સ) સૃષ્ટિનિયમ-શાસ્ત્ર

Es-pe′-ci-al-ly, *adv.* (એસ્પેશ્યલિ) મુખ્યત્વે કરીને, chiefly.

As-tron′-o-my, *n.* (ઍસ્ટ્રૉનૉમિ) ખગોળ વિદ્યા, the science which treats of heavenly bodies.

Té-le-scope, *n.* (ટેલીસ્કોપ) દુર્બિન, an instrument for viewing distant objects.

Ob-served′, *v.* (ઑબ્ઝર્વ્ડ) તપાસીને જોયાં.

Plá-nets, *n.* (પ્લેનેટ્સ) ગ્રહો, heavenly bodies.

Im-port′-ant; *adj.* (ઇમ્પોર્ટન્ટ) અગત્યની, weighty moment-[ous.

Dis-cov′-e-ries, *n.*. (ડિસ્કવરિઝ) શોધો, searches.

Au-tho′-ri-ty, *n.* (ઑથૉરિટિ) આધાર, પ્રમાણ, testimony.

Sá-cred, (સેક્રેડ) ધર્મ સંબંધી, પવિત્ર, religious, holy.

Was fixed at rest, સ્થિર હતી (છે), was stable, steady.

Re-volved, *v.*(રિવૉલ્વ્ડ) ફરતી (ફરે છે), moved,

An′-gry, *adj.*. (ઍન્ગ્રી) ગુસ્સે.

De-clared, *v.* (ડિક્લેર્ડ) ખુલ્લી રીતે કહ્યો, ઠેરવ્યો, proclaimed.

Wick′-ed, *adj.* (ઉવિકેડ) દુષ્ટ, પાપી, sinful.

God′-less *adj.* (ગૉડલેસ) નાસ્તિક, અધર્મી, impious, atheisti-[cal.

Was writ′-ten, *v.* (ઉવૉઝ-રિટન) લખાયલું હતું.

Twice, *adv.* (ટ્વાઇસ) બેવાર.

Pre-vailed over′ (પ્રિવેઇલ્ડ) પ્રાબલ્યવાન થયાં, ફાવ્યા. Over-came, got better of.

Com-pelled′ *v.* (કૉમ્પેલ્ડ) જરૂર પાડી, forced, obliged.

To leave off, *inf.* (ટુ-લીવ-ઑફ) છોડી દેવાને, to give up.

Doc′-trines, *n.* (ડૉક્ટ્રિન્સ) મતો, principles, precepts.

To pro′-mise. (ટુ-પ્રૉમિસ) કબુલ કરવાની.

Kneel′-ing, *pr. p.* (નીલીંગ) ઘુટણીએ પડીને, resting on knees.

Knees, *n.* (નીઝ) ઘુટણુ, the joints of the leg and the thigh.

Would be si′-lent, (વુડ-બી-સાઇલન્ટ) (હું) મુગો રહીશ.

On ris′-ing, (ઑન-રાઇઝીંગ) ઉભા થઈને, on getting up.

Stamped, *v.* (સ્ટૅમ્પ્ડ) ઠોક્યો, અફાળ્યો, struck downwards.

Im-pa′-ti-ent-ly, *adv.* (ઇમ્પેશન્ટલિ) અધીરાઈથી, ન ખમાવવાથી, eagerly.

After all, (આફ્ટર ઑલ) ગમે તે કરો તોપણ, in spite of all this.

Does move, (ડઝ-મુવ) ફરેછેજ, does revolve.

Fool′-ish-ness, *n.* (ફુલિશનેસ) બેવકુફાઇ, silliness, ignorance.

Strives (against) *v.* (સ્ટ્રાઇવ્ઝ) આથડેછે, endeavours, tries.

In vain, (ઇન વેઇન) ફોકટ, વૃથા.

Sir Isaac Newton, *n.* (સર-આઇઝૅક-ન્યુટન) ઈંગ્લાંડનો એક પ્રખ્યાત તત્વજ્ઞાની પુરૂષ થઇ ગયો છે.

Ful′-ly, *adv.* (ફુલિ) મનની ખાતરી થાય એવી રીતે, ખુલ્લી રીતે, completely, thoroughly.

Ex-pound′-ed, *v.* (એક્સપાઉન્ડેડ) સમજાવ્યું, explained, interpreted.

Sys′-tem, (સિસ્ટમ) રચના, ગોઠવણ, a combination of parts into a whole.

U′-ni-verse, *n.* (યુનિવર્સ) સૃષ્ટી, જગત, the whole system of things.

School′-boy, *n.* (સ્કુલ-બૉય) નિશાળીઓ.

In vain, (ઇન-વેઇન) ફોકટ. Póet, *n.* (પોએટ) કવિ.
Light, *n.*(લાઇટ) અજવાળું, જ્ઞાનરૂપી પ્રકાશ.
Let Newton be, ન્યુટન જનમ પામો.
All was light, સઘળે જ્ઞાનરૂપી પ્રકશ થયો.

LESSON XI.

The Story of The Flies and The Ants.

માખી અને કીડીઓની વાત.

Stó-ry, *n.* (સ્ટોરિ) વાત, બ્યાન.
Flies, *n.* (ફ્લાઇઝ) માખીઓ. Ants, *n.* (ઍન્ટસ) કીડીઓ.
Cor'-ner, *n.* (કોર્નર) ભાગ, ખુણો, nook.
Farm'-er's, *n.* (ફાર્મર્સ) એડુતની, cultivator's, husbandman's.
Gar'-den, *n.* (ગાર્ડન) બાગ, વાડી.
Once, *adv.* (વન્સ) એક વખત
Nest, *n.* (નેસ્ટ) માળો, દર, hole.
Sum'-mer, *n.* (સમર) ઉનાળો, ગ્રીષ્મઋતુ. the worm period [of the year.
Were em-ploy'-ed, *v.* (એમ્પ્લૉએડ) કામે લાગી હતી, મંડી હતી. were engaged.
In draw'ing, (ઇન-ડ્રાઇંગ) ઘસડી લઇ જવામાં, in hauling, in pulling along, in dragging.
Seeds, *n.* (સીડઝ) બીયાં, particles producing plants.
Grains, (ગ્રેઇન્ઝ) દાણા. Corn, *n.* (કૉર્ન) અનાજ.
Bed, *n.* (બેડ) ક્યારી, plat piece of ground.
Hole *n.* (હોલ) દર.
A great num'-ber, (આ ગ્રેઇટ-નમ્બર) ઘણીજ.
Sport'-ing, *pr. p.* (સ્પોર્ટિંગ) ગમત કરવાની, playing.
Hum'-ming, *pr. p.* (હમીંગ) ગગણવું, buzzing.
Di-vert'-ing, *pr. p.* (ડિવર્ટિંગ) આણંદ પમાડવું, મગન રાખવું, amusing, entertaining.
Fré-quent-ly, *adv.* (ફ્રીક્વેન્ટલિ) વારંવાર. ઘણીખરી વાર,
(used) To ob-serve', *inf.* (ટુ-ઑબ્ઝર્વ) જોવાને, noticed, marked.

In'-sects, *n.* (ઇન્સેક્ટસ) જીવડાં. small creeping or flying animals.

Very young, *adj.* (વેરિ-યંગ) બાળક, નહાનો.

Ig'-no-rant, *adj.* (ઇગ્નોરંટ) અજ્ઞાન, untaught, uninstructed, untutored.

Ex-pressed', *v.* (એક્સપ્રેસ્ડ) કહ્યું, બોલ્યો, said, spoke to.

Fool'-ish, *adj.* (ફુલિશ) મૂર્ખ, imprudent, silly.

All day long, આખો દિવસ.

Are work'-ing, *v.* (આર-ઉવર્કિંગ) કામ-ઉદ્યમ કરેછે.

(are) Toil'-ing, *v.* (ટાઇલીંગ) મ્હેનત-શ્રમ કરેછે, labouring.

In-stead' of, (ઇનસ્ટેડ-ઑફ) બદલે.

En-joy'-ing, *pr.p.* (એન્જોઇંગ) મજા લેવાને, લેવાને, taking delight in.

Weath'-er, *n.* (હ્વેધર) હવા, the state of the air.

Hap'-pi-est, *adj.* (હૅપિએસ્ટ) સહુથી સુખી. [વખતે.

Some-time aft'-er, *adv.* (સમ-ટાઇમ-આફ્ટર) ત્યાર પછી, થોડે

Ob-serv'-a-tion, *n.* (ઑબ્ઝર્વેશન) લક્ષપૂર્વક તપાસ.

Grew, *v.* (ગ્રૂ) થઇ. Cold, *adj.* (કોલ્ડ) ટંડી, wintry.

Was seen, *v.* (ઉવોઝ-સીન) દેખાતો. [sively.

Ex-treme'-ly, *adv.* (એક્સટ્રીમ્લિ) અતિશય, ઘણીજ, exces-

Scarce'-ly, *adv.* (સ્કેર્સલિ) ભાગ્યેજ, hardly.

To shine, *inf.* (ટુ-શાઇન) પ્રકાશતો.

Chill, *adj.* (ચિલ) શીતળ, ટંડી, cold.

Frost'-y, *adj.* (ફ્રોસ્ટી) ઝાકળવાળી, dewy.

Sing'-le, *adj.* (સિંગલ) એક પણ, even one.

Lay, *v.* (લે) પડેલી હતી, lying.

Dead, *adj.* (ડેડ) મરી ગયલી.

Dy'-ing, *pr. p.* (ડાઇંગ) મરી જતી.

Good na-tured, *adj.* (ગુડ-નેચર્ડ) સારા સ્વભાવનો, good-tempered.

Pit'y-ing, *pr. p.* (પિટિઇંગ) દયા આણતા.

Un-for′-tu-nate, *adj*. (અનફૅાર્ચ્યુનેટ) કમ નસીબ, luckless, unlucky.
Had hap′-pened, *v*. (હેપન્ડ) બન્યું-થયું હતું.
Used to see, જોતો. Are dead, *v*. (આર-ડેડ) મરી ગઈ છે.
Care′-less, *adj*. (કેરલેસ) બેફીકરી, પ્રમાદી.
Trouble, *n*. (ટ્રબલ) મેહેનત, શ્રમ. [ing, hoarding.
Lay′-ing up, (લેઈંગ અપ) ભરી રાખવો, સંગ્રહ કરવો, stor-
Pro-vi′-sions, *n*. (પ્રોવિઝન્સ) ખોરાક, food.
Had been busy, ઉદ્યોગી રહી હતી, કામ કીધું હતું, had been diligent, had been active, had been working.
In pro-vid′-ing, (ઈન-પ્રોવાઈડીંગ) આગળથી ખોરાક સંગ્રહ કરવામાં, in supplying. [year.
Win′-ter, *n*. (વિન્ટર) શિયાળો, the cold period of the
Warm Weath′-er, (વૅાર્મ-વેધર) ઉષ્ણઋતુ, ઉનાળો.
Re-turns′, *v*. (રિટર્ન્સ) બેસશે, પાછી આવશે.
Idioms:—Used to be sporting. ગમત કરતી હતી.
He thus expressed himself. તેણે આ પ્રમાણે પોતાના મનમાં કહ્યું.
The sun was scarcely seen to shine. સૂર્ય ભાગ્યેજ દેખાતો, સૂર્ય વાદળાથી ઢંકાઈ ગએલો રહેતો. [ઝાકળ પડતી.
The nights became chill and frosty. રાત્રે ટહાડ અને
He could not help pitying. તેને દયા ઉપજ્યા વગર રહીજ નહી.

LESSON XII.

(FA′-BLE). THE BEL′-LY AND THE MEM′-BERS.

પેટ અને અવયવો.

Bel′-ly, *n*. (બેલિ) પેટ, stomach.
Mem′-bers, *n*. (મેમ્બર્ઝ) અવયવો, limbs.
Rome, *n*. (રોમ) ઈટાલિ દેશનું રાજધાનીનું શેહેર.
(being) Ang′-ry, *adj*. (ઍંગ્રિ) ક્રોધાયમાન-ગુસ્સે થઈને.
Op-pres′-sion, *n*. (ઑપ્રેશન) જુલમ, tyranny.

De-ter′-mined, *v.* (ડિટર્મિન્ડ) મન સાથે નક્કી કીધું, resolved.
Nó-bles, *n.* (નોબ્લ્ઝ) અમીરો, peers.
To form, *inf.* (ટુ ફૉર્મ) વસાવવાને, , બાંધવાને, to inhabit, populate, build.
De-pend′-ants, *n.* (ડિપેન્ડન્ટસ) આશ્રિતો, vassals.
Wil-ling, *adj.* (વિલિંગ) ખુશી, રાજી.
To lose, *inf.* (ટુ-લુઝ) ખોવાને, જુદા પડવાને.
Cul′-ti-vat-ors, *n.* (કલ્ટિવેટર્ઝ) ખેડુતો, farmers.
Sol′-diers, *n.* (સોલ્જર્ઝ) સિપાઈઓ, યોદ્ધા.
Re-peat′-ed, *a.* (રિપીટેડ) એકપર એક,one after another.
Em′-bas-sies, *n.* (એમ્બસીઝ) એલચીઓ, વકીલો, પ્રતિનિધિ, errands.
To per-suade′, *inf.* (ટુ-પરસ્વેઇડ) સમજાવવાને, to prevail upon.
Se-ced′-ers, *n.* (સિસીડર્ઝ) સંગત છોડી જનારા, deserters.
To re-turn′, *inf.* (ટુ રિટર્ન) પાછા આવવાને.
Deaf, *adj.* (ડેફ) બેહેરો. Too oft′-en, *adv.* ઘણીવાર.
Had been de-ceived′, *v.* (હૅડ-બીન-ડિસીવ્ડ) છેતરાયા-ઠગાયા હતા, had been cheated.
Pró-mis-es, *n.* (પ્રૉમિસિઝ) વચનો, કબુલતો.
Pó-pu-lar, *adj.*(પૉપ્યુલર) લોકપ્રિય,pleasing to the people.
Chá-rac-ter, *n.* (કૅરૅક્ટર) આચરણ, ચાલ, શીલ, conduct, stamp. Came, *v.* (કેઇમ) આવ્યો, (પડ્યો).
For′-ward, *adv.* (ફૉરવર્ડ) આગળ, out.
Ad-dressed′, *v.* (ઍડ્રેસ્ડ) કહ્યું, બોલ્યો, told.
Once on a time, એક વખતપર, એક સમે.
Be-gan′ to mur′-mur, (બિગૅન-ટુ-મરમર) બરબડવા લાગ્યા,to complain, grudge.
Stom′-ach, *n.* (સ્ટમક) જઠર, પેટ, belly.
Em-ploy′-ing, *pr. p.* (એમ્પ્લોઇંગ) કામે લગાડવું, કામમાં લેવું. using.
All the rest, *n.* બાકીના સઘળા. (અવયવો),all the others.

Con-sum′-ing, *pr. p.* (કન્‌સ્યૂમિંગ) ખવડાવી દેવાને, પુરો કરવાને, eating up. [supply.

To pro-vide′, *inf.* (પ્રોવાઇડ) આગળથી સંગ્રહ કરવાને, to

In re-turn′, (ઇન રિટર્ન) બદલામાં, અવેજમાં, instead of, giving back.

A-greed′, *v.* (અગ્રિડ) સમ્મત-એકમત થયા, concurred.

To strike work, (ટુ સ્ટ્રાઇક વર્ક) કામ કરતા બંધ થવાને, કામ નહીં કરવાને, હડતાલ પાડવાને, to cease.

(to) Re-fusé, *inf.* (રિફ્યુઝ) ના કહેવાને, to deny, decline.

To wait up-on′ (ટુ-વેઇટ-અપાન) સેવામાં રહેવાને, ખીજમતમાં રહેવાને, to serve, to attend upon.

An′-y long′-er, હવે પછી.

To car′-ry a-bout, અહીં તહીં લઇ જવાને, to convey.

Re-solved′, *v.* (રિઝાલ્વ્ડ) મન સાથે નક્કી કીધું, નિશ્ચય કીધો, determined.

To smell, *inf.* (ટુ-સ્મેલ) વાસ લેવાને.

To look out, નજરે રાખવાને, to see after.

Ser′-vice, *n.* (સર્વિસ) ધંધો, ચાકરી, employment.

De clared′, *v.* (ડિક્લેર્ડ) ખુલ્લી રીતે કહ્યું, told.

Would lis′-ten, *v.* (વુડ-લિસન) સાંભળીશું, would hear.

Din′-ner bell, *n.* (ડિનર-બેલ) ભોજન સમય સુચક ઘંટ, a bell that is rung to warn the time for dinner.

Had been left, *v.* રખાયું (રહ્યું), had remained.

Emp′-ty, *adj.* (એમ્પ્ટિ) ખાલી, vacant.

Be-gan′ to suf′-fer, (બિગેનટુ સફર) દુઃખ—પીડા ભોગવવા લાગ્યા. [weak.

Grew, *v.* (ગ્રુ) થયા. Fee-ble, *adj.* (ફીબલ) અશક્ત, નબળા.

Dim, *adj.* (ડિમ) ઝાંખ વળેલી, નિસ્તેજ, not clear in sight.

Lan′-guid, *adj.* (લૅંગ્વિડ) મંદ, નરમ પડી ગયલા, શિથિલ થઇ ગયલા, weak.

Ex-haust′-ed, *adj.* (એગ્ઝૉસ્ટેડ) ખાલી પડી ગયલો, lessened.

Per-ceivé, *v.* (પર્સીવ) જુઓ, જોઓ, see, find.

Used to sup-ply′, (યૂઝ્ડ ટુ-સપ્લાઈ) પુરૂં પાડતા, used to provide.

Did con-sumé, *v.* (ડિડ-કાનસ્યૂમ) પુરો કરતો, ખાઈ જતો.

In re-al′-i-ty,* (ઇન-રિઍલિટિ) ખરૂં જોતા, truly, in fact.

Was sup-plied′, *v.* (ઉવૉઝ-સપ્લાઇડ)પુરૂં પડાતું, (પુરૂં પાડતા).

Di-gest′ ed, *v.* (ડિજેસ્ટેડ) પચાવતો, હજમ કરતો, concocted.

Pre-pared′, *v.* (પ્રિપેર્ડ) તૈયાર કરતો, made ready,

For being changed, બદલાયલું થવાને, (થવાને), for being converted.

Blood, *n.* (બ્લડ) લોહી, રૂધીર.

Was sent, *v.* (ઉવૉઝ-સેન્ટ) મોકલાતું હતું, (મોકલું છું).

Through, *prep.* (થ્રૂ) થઇને, માંથી.

Chan′-nels, *n.* (ચૅનલ્ઝ) રસ્તો, દ્વાર, veins.

Sup-ply′, *n.* (સપ્લાઇ) પોષણ.

Are oc′-cu-pied, *v.* (આર-ઑક્યૂપાઇડ) ગુંથાઓ છો, રોકાઓ છો, are engaged.

In feed′-ing, (ઇન ફીડિંગ) પોષણ કરવામાં, in nourishing.

In turn, (ઇન-ટર્ન) બદલામાં, અવેજમાં, in return.

Blood ves′-sels, (બ્લડ-વેસલ્ઝ) લોહી જવાની નસો-રગો, veins.

Nou′-rish, *v.* (નરિશ) પોષણ કરેછે, feed.

Are fed, *v.* (આર-ફેડ) પોષણ કરાયછે, (પોષણ થાયછે). are nourished.

Moral, *n.* (મોરલ) સાર, તાત્પર્ય, application, purport.

Plain, *adj.* (પ્લેઇન) ખુલ્લો, સ્પષ્ટ, obvious, clear.

Rea′-di-ly, *adv.* (રેડિલિ) તરતજ, તતક્ષણ, immediately.

Ap-plied′, *v.* (ઍપ્લાઇડ) લાગુ પાડી, suited to.

Lead′-ers, *n.* (લીડર્ઝ) આગેવાન, conductors.

Pro-posed′, *v.* (પ્રોપોઝ્ડ) કહી, સુચના કીધી, suggested.

Terms, *n.* (ટર્મ્ઝ) શરતો, conditions.

A-gree′-ment, *n.* (ઍગ્રીમેન્ટ) કરાર, કરારનામું, contract.

Mes′-sen-gers, *n.* (મેસેન્જર્ઝ) સંદેસો-પૈગામ લઇ જનારા, heralds.

Idioms :—They turned a deaf ear. તેઓએ કાને સાંભળ્યું નહીં.

And so all the rest. અને બાકીનાઓએ પણ તે પ્રમાણે કીધું.

The eyes became dim, આંખે ઝાંખ વળવા લાગી.

LESSON XIII.

LEGISLATORS. રાજ્ય નિયમકારો વિશે.

Le′-gis-lat-ors, *n.* (લેજિસ્લેટર્ઝ) કાયદા બાંધનારા, રાજ્ય નિયમકાર, law-givers.

Sa-vag-es, *n.* (સૅવેજિઝ) જંગલી લોકો, barbarians.

Are go′-verned, *n.* (આર-ગવર્ન્ડ) રાજ ચલાવાયછે, રાજ થાય છે, are ruled.

Just, *adj.* (જસ્ટ) વાજબી, અદલ, equitable, proper.

Wise, *adj.* (વાઇઝ) ડહાપણ ભરેલા, judicious.

Un-just′, (અનજસ્ટ) ગેરવાજબી.

Will be dis-con-tent′-ed, *v.* (વિલ-બી-ડિસ્કોન્ટેન્ટેડ) નારાજી-અસંતોષી થશે, will be dissatisfied.

Rea′-son, *n.* (રીઝન) બાબત, કારણ.

Mak′-ers, *n.* (મેકર્ઝ) કરનારા, બનાવનારા.

Are hon′-oured, *v.* (આર-ઑનર્ડ) માન પામેછે, are respected.

Fame, *n.* (ફેઇમ) કીર્તિ.

Is pre-served′, *v.* (ઇઝ-પ્રિઝર્વ્ડ) રહેછે, is remained-kept.

Ben-e′-fits, *v.* (બેનિફિટસ) ફાયદો કરેછે, does good.

A-live′ *adj.* (અલાઇવ) જીવતા, સજીવ, living.

An′-ci-ent, *adj.* (એનશ્યન્ટ) અસલના, પ્રાચીન, old.

Be-lieve′, *v.* (બિલીવ) માનતા.

Sage, *n.* (સેઇજ) ડાહ્યો-જ્ઞાની પુરૂષ, રૂષી, wise men.

Named, *p. p.* (નેઇમ્ડ) નામનો.

Manu, *n.* (મનુ) એ પ્રાચીન કાળમાં હિંદુસ્તાનમાં ઘણો વિદ્વાન ને ડાહ્યો પુરૂષ થઇ ગયોછે. એના કાયદાને મનુસ્મૃતિ કહેછે.

Rules, *n.* (રૂલ્ઝ) કાયદા, નિયમો.

Zoroaster, *n.* (ઝોરોએસ્ટર) પારસીઓનો પેગંબર.

Hon′-our, *v.* (ઑાનરે) માન આપેછે.

Confucius, *n.* (કનફ્યુશ્યસ) ચિન દેશનો એક કાયદા બાંધનાર.

Be-yond′, *prep.* (બિયોન્ડ) કરતાં, પડતાં મુકી.

Hebrews, *n.* (હીબ્રૂઝ) અસલ પાલિસ્ટાઇનના રહેવાસીઓ,યાહુદી.

Moses, *n.* (મોઝિઝ) મુસા પેગંબર.

Is held, *v.* (ઇઝ-હેલ્ડ) રખાયછે.

Re′-ve-rence, *n.* (રેવરન્સ) માન, esteem.

Lived, *v.* (લિવ્ડ) હતા, થઇ ગયા, flourished.

Chris′-ti-ans, *n.* (ક્રિશ્ચ્યન્સ) ઇસુ ખ્રિસ્તને માનનારા, ખ્રિસ્તિ લોકો, who believe in Christ.

Thou′-sands, (થાઉઝન્ડઝ) હજારો.

E′-ras, *n.* (ઇરાઝ) શક, epoch, periods.

Exactly, *adv.* (એગ્ઝેક્ટ્લિ) બરાબર, precisely,accurately.

Romans, *n.* રોમ દેશના રહેનારા, રોમન લોકો.

Fol′-lowed, *v.* (ફૉલોડ) પ્રમાણે ચાલતા—વર્તતા, observed.

Twelve Ta′-bles, (ટવેલ્વ-ટેબલ્ઝ) બાર પાટીઆં, બારે પત્રાં.

Near′-ly, *adv.* (નીયર્લિ) લગભગ.

Em′-per-or, *n.* (એમ્પરર) શેહેનશાહ.

Justinian, *n.* (જસ્ટિન્યન) કોનસ્ટન્ટિનોપલનો શેહેનશાહ.

Pub′-lished, *v.* (પબ્લિશ્ડ) પ્રગટ કીધા, made known.

Fa′-mous, *adj.* (ફેઇમસ) પ્રખ્યાત, નામાંકિત.

Code, (કોડ) કાયદા સંગ્રહ, law-book.

Is re-spect′-ed, *v.* (ઇઝ-રિસ્પેક્ટેડ) માન પામેછે, is honored.

Ci′-vil-ized, *adj.* (સિવિલાઇઝ્ડ) સુધરેલી, improved.

Na′-tions, *n.* (નેશન્ઝ) પ્રજા, લોકો.

Spart′-an, *adj.* (સ્પાર્ટન) સ્પાર્ટાના લોકોનો.

Ly′-curgus, *n.* (લાઇકરગસ) સ્પાર્ટાનો પ્રખ્યાત કાયદા બાંધનાર.

Se-vere′, *adj.* (સિવીઅર) સખ્ત, strict, hard.

Were obeyed′, *v.* (ઉવેર-ઓબેઇડ) માનવામાં આવતા હતા.

Cen′-tu-ries′, *n.* (સેન્ચ્યુરિઝ) સૈકા, સદી, periods of hundred years.

Cared, *v.* (કેર્ડ) દરકાર રાખતો.

Hard´-y, *adj.* (હાર્ડિ) સહનશીલ, બાહાદુર, brave, strong.

Sol´-diers, *n.* (સોલ્જર્ઝ) સીપાઈઓ.

Solon, *n.* (સોલન). આથન્સ દેશનો કાયદા બનાવનાર.

Chief, *adj.* (ચીફ) મુખ્ય.

Was famed, *v.* (વૉઝ-ફેઈમ્ડ) પ્રખ્યાત હતો, was renowned.

Wis´-dom, *n.* (વિઝ્ડમ) ડહાપણ, prudence.

Se´-ven wise men. (સેવન-વાઈઝ-મેન) સાત ડાહ્યા પુરૂષોઃ—
૧ સોલન, ૨ થેલ્સ, ૩ પીરીઆન્ડર, ૪ બાયસ, ૫ ક્લિઆબ્યુલસ, ૬ માઇસન, ૭ ચીલોન.

Mahomet, *n.* (મહોમેટ) મુસલમાન લોકોનો પેગંબર મહમદ.

Law´-giver, *n.* (લૉ-ગિવર) કાયદા રચનાર.

Re-li´-gi-ous, *adj.* (રિલિજ્યસ) ધર્મ સંબંધી, precepting.

Named, *p. p.* (નેઇમ્ડ) કહેવાતા, is called.

Teach´-er, *n.* (ટીચર) ઉપદેશ કરનાર, બોધ કરનાર, ગુરૂ.

Mus´-sal-mans, *n.* (મુસલમૅન્ઝ) મુસલમાન લોકો.

Mecca, *n.* (મેક્કા) મક્કા (અરબસ્તાનનું મુખ્ય શેહેર).

Con-tains, *v.* (કન્ટેઇન્સ) રાખેછે, (માં છે).

Pre´-cepts, *n.* (પ્રીસેપ્ટસ) આજ્ઞા, ફરમાન, commands.

Koran, *n.* (કોરાન) કુરાનઃ—મુસલમાન લોકોનું ધર્મ શાસ્ત્ર.

Charlemagne, *n.* (શાર્લમેન) એક શેહેનશાહનું નામ છે.

Franks, (ફ્રૅન્ક્સ) અસલના ફ્રાંન્સ દેશના લોકો.

West, *n.* (વેસ્ટ) પશ્ચિમ.

Modern, *adj.* (મૉડર્ન) અર્વાચીન, present.

Napolean I, *n.* (નેપોલિયન-ધ-ફર્સ્ટ) ફ્રાંન્સનો શેહેનશાહ.

Are va´-lued, *v.* (આર-વેલ્યૂડ) કિમતી ગણાયછે, are esteemed.

Law-mak´-ing, *adj.* (લૉ-મેકિંગ) કાયદા બાંધનારી, legislative.

As-sem´-bly, (અૅસેમ્બ્લિ) મંડળી, સભા, council, congress.

Par´-lia-ment, *n.* (પાર્લમેન્ટ) વિલાયતમાં રૈયત, અમીરો અને રાજા અથવા રાણી, એ પ્રમાણે ત્રણ મંડળી મળી એક મતે કાયદા બાંધનારી સભા.

LESSON XIV.

THE FORÇE OF HABIT. (A STORY).

ટેવનું પ્રાબલ્ય (એક વાત).

Force, *n.* (ફોર્સ) પ્રાબલ્ય, influence, power.
Há-bit, *n.* (હૅબિટ) ટેવ, aptitude.
Chinvang the Chaste, *n.* (શિન્વૅન્ગ-ધ-ચેસ્ટ) ચીનના રાજાનું નામ છે, The name of a king.
As-cend′-ing, *pr. p.* (ઍસેન્ડિંગ) બેસતાં, mounting.
Throne, *n.* (થ્રોન) ગાદી, તખ્ત, the seat of a king.
China, *n.* (ચાઇના) ચીન એશિયા ખંડની ઉત્તરે એક દેશછે.
Com-mand′-ed, *v.* (કૉમૅન્ડેડ) ફરમાવ્યું, હુકમ કીધો, ordered.
Were de-tained,′ *v.* (વેર-ડિટેઇન્ડ) રખાયા હતા, (રાખ્યા-નાખ્યા હતા). [wrongfully.
Un-just′-ly, *adv.* (અનજસ્ટલિ) બે ઇનસાફથી, ગેરવાજબી રીતે,
Pri′-son, *n.* (પ્રિઝન) કેદખાનું, બંદીખાનું, jail. [liberated.
Pre-ced′-ding, *adj.* (પ્રીસીડિંગ) આગલા, gone before,
Should be set free, *v.* છુટા મુકવા જોઇએ,
Num′-ber, *n.* (નમ્બર) લોકોની સંખ્યા—સમુદાય.
To thank, *inf.* (ટુ-થૅન્ક) આભાર—ઉપકાર માનવાને, to express gratitude to.
De-liv′-er-er, *n.* (ડિલિવરર) છોડાવનાર, liberator.
Occ-á-sion, *n.* (ઑકેઝન) તક, વખત, પ્રસંગ, opportunity.
Ap-peared′, *v.* (ઍપીયર્ડ) આવ્યો.
Ma-jes′-tic, *adj.* (મૅજેસ્ટિક) ડળકો, ગંભીર દેખાવનો, august.
Fall′-ing at feet, (ફૉલિંગ ઍટ-ફીટ) પગે પડીને-લાગીને).
As fol′-lows. (ઍઝ-ફૉલોઝ) નીચે પ્રમાણે,in the following manner.
Ad-dress′-ed, *v.* (ઍડ્રેસ્ડ) અરજ કીધી.
Great fá-ther, (ગ્રેઇટ-ફાધર) પાળનપોષણ કરનાર,
Be-hold′, *v.* (બિહોલ્ડ) જો, look upon, see.
Wretch, *n.* (રેચ) કંગાળ, miserable person.
Was shut up, *v.* ગોંધાયો હતો (ગોંધ્યો–પુરી મુક્યો હતો).

Dun'-geon, *n.* (ડન્જન) કેદ કરવાનું અંધારૂં ભોંએર.
Was im-pri'-soned, *v.* (ઇમ્પ્રિઝન્ડ) કેદ થયો હતો-કર્યો, was confined.
Strang'-er, *n.* (સ્ટ્રેઇન્જર) અજાણ્યો, one unknown.
With'-out being con-front'-ed. (કોનફ્રન્ટેડ) રૂબરૂ હતો, being faced to face.
Ac-cus'-ers, *n.* (અકયૂઝર્ઝ) તોહોમત મુકનાર, complainants.
Só-li-tude, *n.* (સૉલિટ્યુડ) એકાંત વાસ, a lonely place.
Dark'-ness, *n.* (ડાર્કનેસ) અંધાર, અંધકાર.
Am grown, *v.* (ઍમ ગ્રોન) થયોછું, am accustomed.
Fa-mil'-i-ar, *adj.* (ફૅમિલ્યર) સહવાસ પડી ગયલો.
Dis-tress', *n.* (ડિસ્ટ્રેસ) દુઃખ, આફત, misery.
As yet, (ઍઝ-યટ) હજુ, up to this time.
Dazz'-led, *p. p.* (ડઝલ્ડ) આંખે ઝાંઝવાં વળવાથી, ન ખમાવાથી, overpowered with.
Splen'-dour, *n.* (સ્પ્લેન્ડર) તેજ, પ્રકાશ, lustre, brightness.
Have re-stored', (હેવ-રિસ્ટોર્ડ) પાછા લાવ્યા છો, brought back.
Have been wan'-der-ing, *v.* (વૉન્ડરિંગ) ભટકું છઊં.
Streets, *n.* (સ્ટ્રીટ્સ) મોહોલ્લા, paved ways between the houses.
(would) as-sist' *v.* (વુડ ઍસિસ્ટ) મદદ કરે, સાહ્ય કરે, would help. [release.
(would) Re-lievé, (રિલીવ) છોડવે, (દુઃખમાંથી) would
Fá-mi-ly, *n.* (ફૅમિલિ) કુટુંબ, house-hold.
Re-lá-tions, *n.* (રિલેશન્સ) સગાવાહાલા, kindreds.
Am for-got'-ten, *v.* વિસારી મુકાયલો છું, (વિસારી મુકેલો છે, am neglected, slighted.
Per-mit', *v.* (પર્મિટ) રજા આપ, દો, allow, suffer.
To wear out, *inf.* (ટુ-વેર-આઉટ) કાઢવાને, to waste away.
Wretch'-ed, *adj.* (રેચેડ) દુઃખી, દુઃખના, miserable.
Re-mains', *n.* (રિમેઇન્સ) બાકીનો વખત-ના દિવસો, rest, portion left,

For′-mer, *adj*. (ફૉર્મર) આગલું. Walls, *n*. (વૉલ્ઝ) દીવાલો.
Pleas′-ing, *adj*. (પ્લીઝિંગ) ખુશકારક, agreeable.
Splen′-did, *adj*. (સ્પ્લેન્ડિડ) ભપકાદાર, શોભાયમાન, ઉમદા, magnificent.
Pà-lace, *n*. (પૅલેસ) મેહેલ, રાજમંદીર, a royal or magnificent house.
Un-hap-py, *adj*. (અનૂહૅપિ) દુઃખી, wretched.
Spend, *v*. (સ્પેન્ડ) કાડું, ગુજારૂં, waste.
Was passed, *v*, (ઉવૉઝ પાઝ્ડ) ગુજારાઈ હતી, (ગુજરી હતી).
From Whence, (ફ્રોમ-ઉવ્હેન્સ) જેમાંથી, જ્હાંથી.
To re-lease′, *inf*. (ટુ-રીલીઝ) છુટો કરવાને, કાઢવાને.
Idioms:—The rest of days. બાકીના દહાડા.
A stranger to crime. ગુનાથી અજાણ્યો, (ગુનો કર્યા વગર)
I am grown familiar with distress, મને દુઃખ જણાતું -લાગતું નથી, મને દુઃખનો સહવાસ પડ્યો છે.
I have not long to live. મારે ઝાઝા દીવસ જીવવું નથી.

LESSON XV..

The pró-di-gal son. ઉડાઉ છોકરા વિશે.

Pró-di-gal, *adj*. (પ્રાડિગલ) ઉડાઉ, extravagant, wasteful. Certain, *adj*. (સર્ટન) કોઈએક.
Por′-tion, *n*. (પોર્શન) ભાગ, હિસ્સો, share.
Goods, *n*. (ગુડ્ઝ) મીલકત, (જંગમ) personal estate.
Fall′-eth, *v*. (ફૉલેથ) પડેછે (આવે) comes to my share.
Di-vid′-ed, *v*. (ડિવાઇડેડ) વેહેંચણ કરી આપી, ભાગ કીધા.
Liv′-ing, *n*. (લિવીંગ) માલમીલકત, property.
Gath′-ered to-geth′-er (ગેધર્ડ-ટુ-ગેધર)એકઠું કીધું, collected.
Jour′-ney, *n*. (જર્ની) મુસાફરી, દેશપર્યટન, travelling.
Far, *adj*. (ફાર) દુર.
Wast′-ed, *v*. (ઉવેઇસ્ટેડ) ખરચી નાખી, ઉડાવી દીધી, spent.
Sub′-stance, *n*. (સબસ્ટન્સ) માલમીલકત, દોલત, wealth.
Ri′-ot-ous liv′-ing, (રાયોટસ-લીવીંગ) મોજશોકમાં-સ્વછંદપણે રેહેવું, prodigal living.
A-rose, *v*. (અરોઝ) પડ્યો, took place.

Might´-y, *adj.* (માઇટિ) ભારે, great.
Fa´-mine, *n.* (ફૅમિન) દુકાલ, દુષ્કાલ, dearth.
Joined (to), *v.* (જૉઇન્ડ) એકઠો-સામેલ થયો, met with.
Ci´-ti-zen, *n.* (સિટિઝન) શેહેરી, inhabitant of a city.
Fields, *n.* (ફીલ્ડઝ) ખેતરો.
To feed, *inf.* (ટુ-ફીડ) ચરાવવાને, to graze.
Swine, *n.* (સ્વાઇન) ડુક્કર, hogs.
Fain, *adv.* (ફેઇન) ખુશીથી, gladly.
Would have filled, *v.* ભરત.
Husks, *n.* (હસ્કસ) છાલ, external covering of seeds.
Hired, *adj.* (હાયર્ડ) મહીનો-પગાર આપીને રાખેલો, engaged for pay.
Bread, *n.* (બ્રેડ) ખાવાનું.
To spare, *inf.* (ટુ-સ્પેર) બચાવવાને, lay by
Pé-rish *v.* (પેરિશ) મરૂંછું. Hung´-er, (હંગર) ભુખ.
Will a-rise´, *v.* (વીલ-ઍરાઇઝ) ઉઠીશ (ઉઠુંછું) will get up.
Have sinned, *v.* (હૅવ-સિન્ડ) પાપ-ગુન્હો કીધો છે.
Heav´-en *n.* (હેવન) ઇશ્વર, God.
Wor´-thy, *adj.* (વર્ધિ) લાયક, યોગ્ય, fit, deserving.
To be called, *inf.* કહેવડાવવાને.
Com-pas´-sion, *n,* (કૉમ્પેશન) દયા, pity.
Neck, *n.* (નેક) ગળું, કોટ, part of the body.
Forth, *adv.* (ફોર્થ) આગળ, out.
Robe, *n.* (રોબ) ઝભો, coat.
Put on, *v.* (પુટ-ઑન) પહેરાવો.
Shoes, *n.* (શૂઝ) જોડા, coverings for the foot of a man.
Hi´-ther, *adv.* (હિધર) અહીંઆ-આણી તરેફ, here.
Fat´-ted, *adj.* (ફૅટેડ) પુષ્ટ, fleshy. Calf, *n.* (કાફ) વાછરડું.
Mer´-ry, *v.* (મેરિ) ખુશ, મગ્ન, cheerful.
Idioms:—Goods that falleth to me. જે માલમીલકત મારે હિસ્સે આવે.

He took his journey.-તેને પ્રવાસ કીધો.

He began to be in want. તે તંગાસમાં આવી પડ્યો.
When he came to himself. જ્યારે તેને ભાન આવ્યું.
I perish with hunger. હું ભુખે મરૂંછું.
A great way off. ઘણો દુર.
Father had compassion. બાપને દયા ઉપજી.
He fell on his neck. તે તેની કોટે બાઝી-વળગી પડ્યો.

LESSON XVI.

NAPOLEON. નેપોલીઅન વિશે.

Napoleon Bonaparte, *n.* (નેપોલિયન-બોનાપાર્ટ) ફ્રાન્સનો શેહેનશાહ, મોટો શુરવીર અને નામાંકિત પુરૂષ થઇ ગયો.
Is'-land, *n.* (આઇલૅન્ડ) ટાપુ, land surrounded by water.
Corsica, *n.* (કૉર્સિકા)ભૂમધ્ય સમુદ્રમાં એક બેટ છે.
En'-tered, *v.* (એન્ટર્ડ) દાખલ થયો, રહ્યો.
Serv'-ice, *n.* (સર્વિસ) નોકરી.
Of'-fi-cer, *n.* (ઑફિસર) અમલદાર, commander.
Ar-til'-le-ry, *n.* (આર્ટિલરિ) તોપખાનું, Battery.
Louis XVI, *n.* (લુઇ-ધ-સિક્સટીન્થ) ફ્રાન્સનો રાજા હતો.
Soon af'-er. (સૂન-આફ્ટર) પછી થોડી મુદતમાં. [capitated.
Was be-head'-ed, *v.* (વૉઝ-બિહેડેડ) શિરછેદ કરાયો. De-
Re'-bels, *n.* (રેબલ્ઝ) બળવાખોરો, mutineers, revolters.
The whole land. તે આખો દેશ.
Was filled, *v.* (વૉઝ-ફીલ્ડ) ભરાયલા હતા, (વ્યાપી ગયા હતાં).
Ter'-ror, *n.* (ટેરર) ધાસ્તી, dread, fear.
Vi'-o-lence, *n.*(વાએોલન્સ) જોર જુલમ, oppression.
Paris, *n.* (પૅરિસ) ફ્રાન્સની રાજધાનીનું શેહેર.
In the com-mand, (ઇન-ધ-કૉમૅન્ડ) સરદારી ઉપર.
Force, *n.* (ફોર્સ) સૈન્ય, લશ્કર, army.
The low'-est, (ધ લોએસ્ટ) સઉથી નીચ લોક.
Weá-ry, *adj.* (વીઅરિ) કંટાળી ગયલું, tired. [gularity.
Dis-or'-der, *n.* (ડિસઑર્ડર) બેરબંદોબસ્ત, અવ્યવસ્થા, Irre-
Longed, *v.* (લોંગ્ડ) આતુરતાથી ચાહતું-ઇચ્છતું, wished.
Set'-tled, *adj.*. (સેટલ્ડ) સ્થાપી, subsided.

Gov′-ern-ment, *n.* (ગવર્નમેન્ટ) રાજ્ય, State. [ed.
Pro-tect′-ed, *v.* (પ્રોટેક્ટેડ) રક્ષણ કીધું, બચાવ કીધો, Defend-
Coun′-cil, *n.* (કાઉન્સિલ) સભા.
State, *n.*(સ્ટેઈટ) રાજ્ય, Republic, Government.
Fired, *v.* (ફાયર્ડ) ફોડી, મારી, discharged.
Can′-nons, *n.* (કેનન્ઝ) તોપો, great guns.
Rab′-ble, *n.* (રૅબલ) હલકાં-ફીતુરી લોકો, a mob.
Had ruled, *v.* (રૂલ્ડ) રાજ્ય કીધું હતું.
Or′-der, *n.* (ઑર્ડર) બંદોબસ્ત, regularity.
Hap′-pi-ness, (હૅપિનેસ) સુખ, felicity. [માંડ્યા.
Be-gan′ to re-turn′, *v.* પાછા આવવા લાગ્યા, (પાછા થવા
Hos′-tile, *adj.* (હૉસ્ટાઈલ) વૈરી, પ્રતિકુળ, દુશ્મનાઈ રાખનાર, adverse. Her=France.
Near′-ly, *adv.* (નીઅર્લિ) ઘણું કરીને.
Austrians, *n.* (ઑાસ્ટ્રિઅન્ઝ) ઑાસ્ટ્રિઆના લોકો. [terous.
Skil′-ful, *adj.* (સ્કિલ્ફુલ) ચતુરાઈ ભરેલો, કુશળતાવાળો, dex-
Guid′-ance, *n.* (ગાઈડન્સ) સરદારી, direction.
Beat, *v* (બીટ) મારી ચલાવ્યા, defeated.
Fame, *n.* (ફેઈમ) કીર્તિ, glory.
Was spread, *v.* (વૉઝ-સ્પ્રેડ) પથરાઈ, ફેલાઈ, Scattered.
Eu′-rope, *n.* (યુરપ) ખંડનું નામ છે.
Set out, *v.* (સેટ-આઉટ) નિકળ્યો, started.
Fleet, *n.* (ફ્લીટ) વહાણનો કાફલો, a number of ships taken together.
To con′-quer, *inf.* (ટુ-કૉંકર) જીતવાને, to subdue.
Egypt, (ઈજીપ્ટ) મીસર દેશ (આફ્રિકામાં છે).
Met (with), *v.* (મેટ-ઉવિથ) મળ્યા, સામા આવ્યા.
Could not o-ver-come′, (ઓવરકમ) જીતી જેર કરી શક્યો નહીં, could not subdue.
By sea and land, દરીઆ અને જમીન પર.
Was beat′-en, *v.* (વૉઝ-બીટન) મારો ચલાવાયો, પરાજય થયો, was defeated.

Ar'-my, (આર્મિ) લશ્કર, સૈન્ય.

Was de-stroy'-ed, v. (ડિસ્ટ્રોયડ) નાશ કરાયો,(નાસ થયો, માર્યું [ગયું), was killed.

Sud'-den-ly, adv. (સડ્ન્લિ) એકાએક, unexpectedly.

Re-turned', v. (રિટર્ન્ડ) પાછો ગયો.

Changed, v. (ચેઇન્જ્ડ) ફેરફાર કીધો, altered.

Chief, n. (ચીફ) અધ્યક્ષ.

Ti'-tle, n. (ટાઇટ્લ) ખિતાબ, appellation of dignity.

Consul, n. (કૉન્સલ) મુખ્ય અધિકારી, chief magistrate.

Led, v. (લેડ) લઇ ગયો, conducted.

Drove out, v. (ડ્રોવ-આઉટ) કહાઢી મુક્યા, expelled.

Was crowned, v. (વૉઝ ક્રાઉન્ડ) રાજ્યાભિષેક કરાયો, (રાજ્યાભિષેક કીધો-થયો).

Be-gan' to plan, યુક્તિ-જોડવણુ કરવા માંડી, began to design.

Con'-quest, n. (કૉંક્વેસ્ટ) જીત, Victory.

As-sem'-bled, v. (અસેમ્બલ્ડ) એકઠું કીધું, જમાવ કીધો, collected.

Vast, adj. (વાસ્ટ) મ્હોટું, Great.

Boulogne, n. (બુલોન) ફ્રાન્સની ઉત્તરે એક બંદર છે.

In-vá-sion, n. (ઇન્વેઝન) ચઢાઇ, an attack.

Could be seen, v. (કુડ-બી-સીન) દેખાતા હતા.

Chan'-nel, n. (ચેનલ) ખાડી.

A-cross' the chan'-nel, ખાડી (ઇંગ્લીશ ચેનલ) ને સામે કાંઠેથી.

Mas'-ters, n. (માસ્ટર્ઝ) ધણી, રાજા.

Trafal'gar, n. (ટ્રાફલ્ગર) સ્પેનની દક્ષિણે ભુશીર છે.

Great Nel's n, (ગ્રેઇટ-નેલ્સન) મહા પુરૂષ નેલ્સન, ઇંગ્લાંડનો દરિયાઈ મહા યોધો સન ૧૭૫૮–૧૮૦૫.

Russia, (રશિયા) યુરોપ ખંડની ઉત્તરે એક વિશાળ દેશ છે.

Aus-tria, n. (ઑસ્ટ્રિયા) યુરોપના મધ્ય ભાગમાં એક દેશ છે.

Al'-rea-dy, adv. (ઑલ્રેડી) પહેલાથી, ક્યારનું, now.

League, n. (લીગ) એકસંપ, an alliance.

Was forced, v. (ફોર્સ્ડ) જરૂર પડી, compelled.

Vic-to'-ries, n. (વિક્ટરીઝ) ફતેહ, જય, conquests.

Splen'-did, *adj.* (સ્પ્લેન્ડિડ) ભારે, great. [subdued.
Hum'-bled, *v.* (હમ્બલ્ડ) નમાવ્યા, અભિમાન ભાગ્યું-તોડ્યું,
Náples, *n.* (નેપલ્સ) ઇટાલીમાં એક રાજ્ય છે.
Hol'-land, *n.* (હોલન્ડ) યુરોપ ખંડમાં એક દેશ છે.
Westphalia, *n.* (વેસ્ટફલિયા) પ્રુશિયામાં એક પ્રાંત છે.
(being) Not con-tent', (નૉટ-કૉન્ટેન્ટ) સંતોષ નહીં પામીને, not satisfield.
Suc-ces'-ses, *n.* (સક્સેસીઝ) જીતો, conquests.
To ab'-di-cate, *inf.*(ટુ-ઍબ્ડિકેટ) ત્યાગ કરવાની, to give up.
Joined, *v.* (જોઇન્ડ) મેળવ્યું, annexed. [power.
Em'-pire, *n.* (એમ્પાયર) અધિરાજ્ય, શેહેનશાત, imperial
Duke of Wellington, *n.* (ડ્યુક-ઑફ-વેલિંગ્ટન) ઇંગ્લાંડનો એક પ્રખ્યાત સેનાધિપતિ.
Op-posed, *v.* (ઑપોઝ્ડ) સામા થયા, resisted.
Fi'-nal-ly, *adv.* (ફાઇનલિ) આખરે, at length.
The Pènin-sula, *i. e.* સ્પેન અને પોર્ચુગલ.
Am-bi'-tion, *n.* (ઍમ્બિશન) રાજ્યલોભ, desire of power.
Would never be sa'-tis-fied. (સૅટિસફાઇડ) કદી સંતોષ પામે એવો નહોતો, would never be gratified.
Vast, *adj.* (વાસ્ટ) મોટા, great.
Ar-rived' (at), *v.* (ઍરાઇવ્ડ) આવી પહોંચ્યો.
Moscow, *n.* (મૉસ્કો) રુશીઆમાં એક શેહેર છે.
Just as, *adv.* (જસ્ટ-ઍઝ) જેવો.
Win'-ter, *n.* (વિન્ટર) શિયાળો, a cold season.
Was set'-ting (in), *v.* બેસતો હતો, was beginning.
Burnt, *v.* (બર્ન્ટ) બાળી મુક્યું.
Shel'-ter, *n.*(શેલ્ટર) આશ્રય સ્થાન,રક્ષણનું ઠેકાણું,protection.
Had to re-treat', *v.* (રીટ્રીટ) પાછું હઠવું પડ્યું.
Suf'-fer-ings, *n.* (સફરિંગ્ઝ) દુઃખો, pain.
Dread'-ful, *adj.* (ડ્રેડફુલ) ભયાનક, terrible.
Bit'-ter, *adj.* (બિટર) કડકડતી, severe.
Cold, *n.* (કોલ્ડ) ટાઢ.

Killed, *v.* (કિલ્ડ) મારી નાંખ્યા, (મરી ગયા), massacred.
By thou-sands, (બાઇ-થાઉઝન્ડ્ઝ) હજારોબંધ.
As they marched, જેવા તેઓ કુચ કરતા. [cavalry.
Cossacks, *n.* (કૅાસેક્સ) (રશિયાના) ઘોડેસ્વાર શીપાઇ, horse
Slew, *v.* (સ્લુ) કાપી નાખ્યા, cut off.
Ranks, *n.* (રૅન્ક્સ) હાર, ઓળ.
Fol′-lowed, *v.* (ફોલોડ) પાછળ લાગ્યા, pursued.
For′-tune, *n.* (ફૅાર્ચુન) દશા, નસીબ. luck, chance.
Seemed to change, બદલાતી માલમ પડી.
Raised, *v.* (રેઇઝડ) ઉભું કીધું, levied.
Octo′ber, *n.* (ઑાક્ટોબર) અકટોબર માસ.
Leipsic, *n.* (લીપ્સિક) જર્મની દેશમાં શેહેર છે. [markably.
Sig′-nal-ly, *adv.* (સિગ્નલિ) યાદ રહે એવી રીતે, (બીલકુલ), re-
Lost, *v.* (લૉસ્ટ) મરી ગયા, માર્યા ગયા. [able.
(being) Un-á-ble, *adj.* (અનેબલ) અશક્ત હોવાથી, not
To con-tend′, *inf.* (ટુ કૅાન્ટેન્ડ) લડવાને, to fight.
Elba, *n.* (એલ્બા) ફ્રાંન્સની દક્ષિણે ભુમધ્ય સમુદ્રમાં બેટ છે.
Thence, *adv.* (ધેન્સ) ત્યાંથી.
Pri′-vate-ly, *adv.* (પ્રાઇવેટલિ) છાનામાના, secretly.
Al′-lies, *n.* (ઍલાઇઝ) એકસંપી રાજવાળા.
Waterloo, *n.* (ઉૅવાટર્લૂ) બેલજ્યમ દેશમાં શેહેર છે.
Hard, *adj.* (હાર્ડ) ભારે, મોટું, ઘુમુસ.
Bat′-tle, *n.* (બૅટલ) લડાઇ, યુદ્ધ.
Prussians, *n.* (પ્રશ્યન્ઝ) પ્રશીઆના લોકો.
Were pur-sued′, *v.* (ઉવેર-પર્સ્યુડ)પાછળ લગાયા,(પાછળ લાગ્યા).
Re-mains, *n.* (રિમેઇન્ઝ) બાકીનો ભાગ.
Field, *n.* (ફીલ્ડ) રણભુમી, રણક્ષેત્ર, fighting place.
Were beat′-en, *v.* હારી ગયા.
Gave up, (ગેઇવ-અપ) તાબે થયો, શરણ થયો, surrendered.
Month, *n.* (મન્થ) મહિનો.
Gen′-e-rous, *adj.* (જેનરસ) ઉદાર, liberal.

Con′-stant, *adj.* (કોન્સ્ટન્ટ) દૃઢ, fixed. [છે.
St. Helena, *n.* (સેન્ટ હેલીના) આટલાંટિક મહાસાગરમાં એક બેટ
Won′-der-ful, *adj.* (ઉવન્ડરફુલ) વિલક્ષણ, આશ્ચર્યકારક, astonishing.
Gé-ni-ous, *n.* (જીન્યસ) બુદ્ધિ, talent. [astray.
Mis-led′, *p. p.* (મિસ્લેડ) ખોટે માર્ગે દોરવાઇને-ભોળવાઇને, led
Com mit′-ted, *v.* (કમિટેડ) કીધાં, perpetrated. [crime.
Pun′-ish-ment, *n.* (પનિશમેન્ટ) શિક્ષા, pain inflicted for a
Idioms :—The bitter cold killed them by thousands, કડકડતી ટાઢથી તેઓ હજારોબંધ મરી ગયા.
All that left the ranks, જેઓ હારમાંથી છુટા પડતા.
N. gave himself up to the English, નેપોલિયને અંગ્રેજોને પોતાની જાત સ્વાધીન કરી, (અંગ્રેજોને શરણ થઇ ગયો).
He changed the Government, તેણે રાજ્યમાં ફેરફાર કીધો.

LESSON XVII.

The Gi-ant and the Dwarf. દૈત્ય અને વામનજી.

Gi′-ant, *n.* (જાયન્ટ) દૈત્ય રાક્ષસ, a monster.
Dwarf, *n.* (ડ્વૉર્ફ) વેંતીઓ-ઠીંગણો માણસ, વામનજી, a man who is earth-born.
Once up′-on a time, એક વખતપર. [gether.
Kept to-geth′-er, (કેપ-ટુગેધર) એકઠા રહેતા હતા, lived to-
Bar′-gain, *n.* (બાર્ગેઇન) સાટું, કરાર, contract.
Would for-saké, *v.* (ઉવુડ-ફૉર્સેઇક) છોડી દેઇશું, would leave.
(to) Seek, *inf.* (સીક) શોધવા, to search. [enterprise.
Ad-ven′-tures, *n.* (ઍડવેન્ચર્ઝ) હિંમતનું કામ, જોખમનું કામ,
Sà ra-cens, *n.* (સૅરેસેન્ઝ) આરબ-મહમુદી ધર્મ માનનારા, Arabians, so called from Sara a desert. [daring.
Cou-rá-ge-ous, *adj.* (કરેજ્યસ) હિંમતવાળો, છાતીવાળો, brave,
Dealt, *v.* (ડેલ્ટ) કીધાં, struck.
Cham′-pi-ons, *n.* (ચૅમ્પ્યન્ઝ) મલ્લ, શુરવીર, heroes.
An′-gry blow, (ઍન્ગ્રી-બ્લો) ગુસ્સામાં મારેલો-કરેલો સખત ઘા, violent strike.

In′-ju-ry, *n.* (ઇન્જ્યુરિ) ઇજા, pain, harm.
Lift′-ing up, *pr. p.* (લિફ્ટિંગ-અપ) ઊંચી કરીને, raising up.
Sword, *n.* (સોર્ડ) તલવાર, military weapon.
Fair′-ly, *adv.* (ફેર્લિ) સફાઇથી, dexterously.
Struck off, *v.* (સ્ટ્રક-ઑફ) કાપી નાંખ્યો, છેદ્યો, cut off.
Woe-ful, *adj.* (વોફુલ) દુઃખી, pitiful.
Plight, *n.*, (પ્લાઇટ) હાલત, અવસ્થા, condition.
As-sist-ance, *n.* (ઍસિસ્ટન્સ) સહાય, મદદ, aid. [killed.
Left dead, *v.* (લેફ્ટ-ડેડ) મુએલા રહેવા દીધા, (મારી નાંખ્યા),
Dead-man's, *n.* (ડેડ્મન્સ) મરી ગએલા માણસનું.
Out of spite, (આઉટ-ઑફ-સ્પાઇટ) દ્વેષથી, out of malice.
Tra′-velled (on), *v*, (ટ્રેવેલ્ડ-ઑન) આગળ ચાલ્યા.
Blood′-y mind′-ed, (બ્લડિ-માઇન્ડેડ) ક્રૂર-ઘાતકી મનના, cruel.
Sá-tyrs, *n.* (સૅટર્સ) અડધી માણસની અને અડધી બકરાની આકૃતીના દેવાંશી પ્રાણી, વનદેવતા, sylvan gods.
Were car′-ry-ing, *v.* (વેર-કૅરિંગ) લઇ જતા હતા.
Dam′-sel, *n.* (ડૅમ્ઝલ) જુવાન છોકરી, young maiden.
In dis-tress, (ઇન-ડિસ્ટ્રેસ) દુઃખમાં આવી પડેલી, miserable.
Fierce, *adj.* (ફીયર્સ) ગુસ્સાવાળો, cruel.
As be-fore′, (ઍઝ-બીફોર) અગાઉની માફક.
Struck, *v.* (સ્ટ્રક) કીધો, માર્યો, Gave.
Knocked out, *v.* (નૉક્ડ-આઉટ) ફોડી નાંખી. [back.
Was re-turned′, *v.* (રિટર્ન્ડ) પાછો મરાયો (પાછો માર્યો), gave
Had not fled, નાઠા ન હોત.
Would have killed, *v.* (વુડ-હેવ-કિલ્ડ) મારી નાખ્યા હોત.
Cer′-tain-ly, *adv.* (સર્ટન્લિ) બેશક, Indeed.
Joy′-ful, *adj.* (જૉયફુલ) ખુશ, glad.
Was re-lieved′, *v.* (વૉઝ-રિલીવ્ડ) છોડવાઇ, છોડવી, released.
Fell in love. પ્યારમાં પડી, મોહિત થઇ, became enamoured with.
Mar′-ried, *v.* (મૅરિડ) પરણી, લગ્ન કીધા, joined in wedlock. Far′-ther, (ફાર્ધર) વધારે દૂર.

Met (with). મળી.

Com'-pa-ny, *n.* (કમ્પનિ) ટોળી, assembly.

Rob'-bers, *n.* (રૉબર્સ) ચોરો, લુટારા, plunderers.

Fore-most, *adj.* (ફોરમોસ્ટ) આગળ, અગાડી; forward.

Far be-hind', છેક પછવાડે.

Stout, *adj.* (સ્ટાઉટ) ભારે, જબર, hard.

Long, *adj.* (લૉંગ) લાંબી, ઘણો વખત પહોંચે એવી.

Like (likely), *adv.* ઘણું કરીને.

De-clared', *v.* (ડિક્લેર્ડ) જાહેરમાં થઇ, proclaimed.

Com-pá-nion, *n.* (કમ્પૅન્યન) સોબતી, fellow.

Hé-ro, *n.* (હીરો) પેહેલવાન, છાતીવાળો આદમી, Champion.

Glò-ri-ous, *adj.* (ગ્લોરિયસ) વખાણવા લાયક, ઉત્કૃષ્ટ.

Sport, *n.* (સ્પોર્ટ) એશ, રમત, play.

Was grown, *v.* (ઉવાઝ ગ્રોન) થયો હતો.

Blows, *n.* (બ્લોઝ) માર, ઘા.

Idioms:--For all that struck the first blow. તે છતાં પેહેલો ઘા તો તેણે કીધો.

The Giant was soon up with them. તે દૈત્ય તરતજ તેઓની સામે આવ્યો.

All fell before him. સઘળા એનાથી (રાક્ષસથી) મરતા.

The Dwarf had like to have been killed. તે વામનજી મરી ગયો હોતજ,

The victory declared for the two, તે બેની જીત થઇ.

Let us get one victory more, ચાલો આપણે એક ફતેહ વધારે મળવીએ.

I declare off. હું તો આઘો રહીશ.

LESSON XVIII.

LOVE BE-TWEEN BROTH'-ERS AND SIS'-ERS.

Love, *n.* (લવ) પ્યાર, હેત, affection.

What-ev'-er, *pron.* (ઉવૉટેવર) જેજે, all that.

Brawls, *n.* (બ્રાલ્સ) કજીયા, quarrels.

Dis-turb, *v.* (ડિસ્ટર્બ) હેરાન કરે (થાય), harass.

Street, *n.* (સ્ટ્રીટ) મોહલ્લો. Should be, *v.* હોવી જોઇએ, must be.

Peace, *n.* (પીસ) સલાહ, શાંતી, સ્વાસ્થ્ય, quiet, harmony.

At home. (ઍટ-હોમ) ઘર-કુટુંબમાં.
Dwell, *v.* (ડ્વેલ) રહેછે, live.
Quar'-rels, *n.* (ક્વારલ્સ) કજીઆ, ટંટા, brawls.
Should nev'-er come, કદી થવા જોઇએ નહીં.
Nests, *n.* (નેસ્ટ્સ) માળા.
A-greé, *v.* (ઍગ્રી) હળીમળીને ચાલેછે, live.
'tis=it is, ઇટ ઇઝ (એછે).Such *form* is called·syncope.
Shamé-ful, *adj.* (શેઇમફુલ) શરમ ભરેલો, disgraceful.
Sight, *n.* (સાઇટ) દેખાવ, view.
Child'-ren, *n.* (ચિલ્ડ્રન) છોકરાં.
Fall out, *v.* (ફૉલ-આઉટ) અણબનાવ કરેછે, disagrees.
Chide, *v.* (ચાઇડ) મ્હેણા મારેછે, blame.
Par'-don, (પાર્ડન) માફ-ક્ષમા કર, forgive.
O Lord. અરે પરમેશ્વર, O God.
Child'-ish, *adj.* (ચાઇલ્ડિશ) નાદાનીના વખતનો.
Rage, *n.* (રેઇજ) ગુસ્સો, anger.
Lit'-tle, *adj.* (લિટલ્) નજીવા, અલ્પ.
Re-mové, *v.* (રિમૂવ) દૂર કર, distroy.
That, *conj.* કે.   As, *adv.* (ઍઝ) જેમ જેમ.
Grow, *v.* (ગ્રો) વધીએ, થઇએ.
Rip'-er age, (રાઇપર-એઇજ) મોટપણ, પુખ્ત ઉમર.
Hearts, *n.* (હાર્ટ્સ) મનોવૃત્તિ, regions of feeling.
Idioms:—As we grow to riper age. જેમ પુખ્ત ઉમરે પહોંચીએ-ના થઇએ.

LESSON XIX.

JULIUS CÆSAR. જૂલ્યસ સીઝર વિષે.

Julius Cæsar, *n.* (જ્યૂલ્યસ-સીઝર) રોમન લોકોનો એક મ્હોટો સરદાર.   Con'-quer-or, *n.* (કૉંકરર) મુલક જીતનાર, વિજયી, victor.
Was led, *v.* (વૉઝ લેડ) દોરવાતો, ભમતો, led astray.
Love of do-min'-i-on, (ડોમિન્યન) રાજ્ય લોભ, love of Sovereign--authority.

To com′-mit, *inf.* (ટુ-કમિટ) કરવાને, to perpetrate.
No′-ble, *adj.* (નોબલ) ખાનદાનનું, કુલીન. [child.
Daugh′-ter, *n.* (ડૉટર)છોકરી:—કર્નેલિયસની દીકરી, a female
Il-lus′-tri-ous, *adj* (ઇલસ્ટ્રિઅસ)નામીચા, પ્રખ્યાત, eminent.
House, *n.* (હાઉસ) ઘર, વંશ, કુળ.
Re-mark′-able, *adj.* (રિમાર્કેબલ) પ્રખ્યાત, નામાંકિત, famous.
E′-lo-quent, *adj.* (એલોક્વેન્ટ) છટાદાર, fluent.
Speak′-er, *n.* (સ્પીકર) ભાષણ કરનારે, orator,
Ob-tained′, *v.* (ઑબ્ટેઇન્ડ) મેળવી, attained.
High, *adj.* (હાઇ) મોટા, ભારે.
Of′-fic-es, *n.* (ઑફિસિઝ) ઓદ્ધા, પદવી, posts.
Sums, *n.* (સમ્ઝ) રકમો, (પૈસાની) an amount of money.
In-cur′-red, *v.* (ઇન્કર્ડ) કીધાં, ran into.
Hea′-vy, *adj.* (હૅવિ) ભારે, મોટાં.
Debts, *n.* (ડેટ્સ) કરજ.
Shows, *n.* (શોઝ) તમાસા, exhibition.
Po′-pu-lar, *adj.* (પૉપ્યુલાર) લોકપ્રિય, પ્રજાને પ્રતિકાર, beloved by the people.
A-massed′, *v.* (ઍમાસ્ડ) એકઠી કીધી, collected.
Im-mense′, *adj.* (ઇમેન્સ) ઘણીજ, infinite.
Per-suad′-ed, *v.* (પર્સ્વેડેડ) મનમાં ઉતાર્યું,સમજાવ્યા, enticed.
Pompeius, *n.* (પૉમ્પીઅસ) નામ છે.
Crassus, *n.* (ક્રૅસસ) નામ છે.
Gaul, *n.* (ગૉલ) ફ્રાન્સનું અસલ નામ, French.
Re-bel′-li-on, *n.* (રિબેલ્યન) બળવો, બંડ, a revolt.
Crushed, *v.* (ક્રશ્ડ) સમાવ્યો, મટાડ્યો, depressed.
Blood′ y, *adj.* (બ્લડિ) ખુનરેજીની, જેમાં ઘણા માણસોનો નાશ થયલો એવી, cruel.
Bat′-tles, *n.* (બૅટલ્ઝ) લડાઇ, સંગ્રામ.
Bar-bá-ri-ans, *n.* (બાર્બેરિયન્ઝ) જંગલી લોકો, wild people.
Dwelt, *v.* (ડ્વેલ્ટ) રહેતા, lived.
Alps, *n.* (ઍલ્પ્સ) આલપ્સના પર્વતો.

Rhine, *n.* (રાહીન) જર્મનીમાં નદી છે.
Crossed, *v.* (ક્રૉસ્ડ) ઓળંગી. [ફ્રાન્સ અને ઈંગ્લાંડની વચ્ચે.
Straits of Dover, (સ્ટ્રેઇટસ-ઑફ-ડોવર) ડોવરની સામુદ્રધુની:—
Bri'-tain, *n.* (બ્રિટન) ઈંગ્લાંડ.
In spite of, છતાં. Notwithstanding. [tion.
Re-sist'-ance, *n.* (રિઝિસ્ટન્સ) અટકાવ, સામું થવું, opposi-
De-scribes', *v.* (ડિસ્ક્રાઇબ્ઝ) વર્ણવે છે. બ્યાન કરે છે, relates.
Wars (between states) *n.* (વૉર્ઝ) લડાઈ, યુદ્ધ.
Com'-ment-a-ries, *n.* (કૉમેન્ટરીઝ) ટિકા, ભાષ્ય.
Jeal'-ous, *adj.* (જેલસ) અદેખો, envious.
Sen'-ate, *n.* (સૅનેટ) રાજ્યસભા-મંડળી.
To re-call', *inf.* (ટુ રિકૉલ) પાછો બોલાવવાને. to call back.
In a-larm', (ઇન-ઍલાર્મ) બ્હીકથી, fearing.
Re-tired', *v.* (રિટાયર્ડ) જતો રહ્યો, Withdrew.
Ar-riv'-ing, *pr. p.* (અરાઈવીંગ) આવીને.
Pub'-lic, *adj.* (પબ્લિક) સરકારી, લોકોનો, Government.
Trea-sure, *n.* (ટ્રેઝર-ટ્રીઝ્યુર) ખજાનો, તીજોરી, money.
Was ap-point'-ed, *v.* (વૉઝ-ઍપોઇન્ટેડ) નિમાયો, elected.
Dic-tá-tor, *n.* (ડિક્ટેટર) સ્વતંત્ર માજીસ્ટ્રેટ, an absolute Magistrate.
Ab' so-lute, *adj.* (ઍબ્સોલ્યુટ) સંપૂર્ણ, કુલ, independent.
At Pharsalia, (ફાર્સેલિયા) ફાર્સેલિયા આગળ:-ગ્રીસની ઉત્તરે થેસેલી નામે પ્રાંતમાં એક શેહેર છે.
King, *n.* (કીંગ) રાજા:-(૧૩ મો ટૉલમી). [ખ્યો), killed.
Was mur-dered, *v.* (વૉઝ-મર્ડર્ડ) મારી નંખાયો, (મારી નાં-
Sev'-ered, *adj.* (સેવર્ડ) કપાઇને જુદું પડેલું, cut off.
Ri-val, *n.* (રાઈવલ) પ્રતિસ્પર્ધી, હરીફ, competitor.
Wept, *v.* (ઉવેપ્ટ) રડ્યો, cried bitterly.
Per-pé-tu-al, *adj.* (પર્પેચ્યુઅલ) જાયું, અનંત, permanent.
Com'-mon, *adj.* (કૉમન) સાધારણ
Si'-lent, *adj.* (સાઇલન્ટ) શાંત, સ્તબ્ધ.
Band, *n.* (બૅન્ડ) ટોળી, મંડળી.

Joined to-geth′er, (જોઇન્ડ-ટુ-ગેધર) મળી ગઈ, united together.

Un-a-wares′, *adv.* (અન્અવેર્ઝ) ઓચિંતો, અચાનક. Unexpectedly.

Sen′-ate house, (સેનેટ-હાઉસ) રાજ્યસભાસ્થાન.

O′-ra-tor, *n.* (ઑરેટર) ભાષણ કરનાર, eloquent speaker.

De-signed′, *v.* (ડિસાઇન્ડ) ધાર્યું હતું, ઇચ્છ્યું હતું. Intended.

(to) Di-gest, *inf.* (ટુ-ડીજેસ્ટ) વિચારયુક્ત ગોઠવણ કરવાને, to arrange.

Would have been, *v.* થઈ પડત.

Work, *n.* (વર્ક) ગ્રંથ, પુસ્તક, Book.

Mil′-li-on, *adj.* (મિલ્યન) દશ લાખ.

Hu′-man race, (હ્યુમન-રેઇસ) મનુષ્ય જાત, mankind.

How-ev′-ĕr, *adv.* (હાઉ એવર) ગમેતેવાં.

Ex-ploits′, *n.* (એક્સપ્લોઇટ્સ) પરાક્રમો, મહત્ કૃત્યો, great actions.

Good, *n.* (ગુડ) ભલું, ફાયદો.

Ad′-mi-ra-ble, *adj.* (ઍડ્‌મિરબલ) વખાણવા લાયક, સ્તુતિપાત્રક. excellent. Writ′-er, *n.* (રાઇટર) ગ્રંથકાર, a clerk.

Idioms:—He made himself popular, પોતે લોકની પ્રિતી મેળવી.

Being angry at their loss of power, પોતાની સત્તા જતી રહેલી જોઇને ગુસ્સે થવાથી.

LESSON XX.

A STORY OF SULTAN MAHMOUD.

સુલ્તાન મહમદની વાત.

Sultan Mahmoud, *n.* (સુલ્તાન-મહમુદ) નામ છે

Are told, *v.* (આર-ટોલ્ડ) કહેવાયા છેયે, (વાંચ્યુંછે). are informed.

A-broad′, *adv.* (એબ્રાડ) પ્રદેશમાં, પરમુલકમાં, in another country.

Ty′-ran-ny, *n.* (ટિરેનિ) જુલમ, oppression, severity.

At home, પોતાના દેશમાં, native country.

Had filled, *v.* (હેડ-ફિલ્ડ) ભર્યા હતાં.

Do-min′-i-ons, (ડોમિન્યન્ઝ) રાજ્યો, territories.

Ru′in, *n*, (રૂઇન) ખંડિએર, પાએમાલી.

De-so-lá-tion, *n.* (ડેસોલેશન) તારાજી.
Half, *adj.* (હાફ) અર્દ્ધોઅડધ. [depopulated.
Un-peo'-pled, *v.* (અનપીપલ્ડ) વસ્તી વિનાનું કીધું, ઉજ્જડ કીધું,
Em-piré, *n.* (એમ્પાયર) રાજ્ય.
Vazier, *n* (વઝિર) વજીર, prime-minister.
Pre-tend'-ed, *v.* (પ્રીટેન્ડેડ) ડોળ દેખાડતો હતો, feigned.
To have learnt, શીખ્યો હોય એવું.
Cer'-tain, (સર્ટન) કોઈ એક.
Of a der-vis, (ઑફ-આ-ડર્વિસ) એક ફકીર પાસે.
What, *pron.* (વ્હાટ) જે.
E'-ven-ing, *n.* (ઇવનીંગ) સાંજ, સંધ્યાકાળ.
On their re-turn', (ઑન-ધેર-રિટર્ન) તેઓના પાછાં ફરતા.
From hunt'-ing, (ફ્રૉમ હન્ટીંગ) શિકાર કરીને, મૃગીયા રમીને, from chase.
Cou' ple, *n.* (કપલ) જોડું, a pair, male and female.
Heap, *n.* (હીપ) ઢગલો, pile, accumulation.
Rub'-bish, *adj.* (રબ્બિશ) કચરો, dirt, refuse.
Would Fain, (to) know, *adv.* (વુડ-ફેન-ટુ-નો) જાણવાને ઇચ્છુ છું, would gladly to know.
Lis'-ten, (to), *v.* (લિસન) સાંભળો, hearken.
Dis-coursé, *n.* (ડિસ્કોર્સ) સંવાદ, વાત, conversation.
Give, *v.* (ગિવ) કહો.
Ac-count, *n.* (ઍકાઉન્ટ) બયાન, વર્ણન, description.
Ap-proached', *v.* (ઍપ્રોચ્ડ) પાસે ગયો.
To be at-tent'-ive, *inf.* (ટુ-બી-ઍટેન્ટિવ) ધ્યાન આપતો હોય એવું, to be Mindful.
Part, (પાર્ટ) ભાગ (થોડી).
Con-ver-sá-tion, *n.* (કૉન્વર્સેશન) વાતચિત, discourse.
Dare, *v.* (ડેર) હિમ્મત ધરવું.
Would (not) be satisfied, સંતોષ પામ્યો નહી.
Forced, *v.* (ફોર્સ્ડ) આગ્રહ કીધો.
To re-peat', *inf.* (ટુ રિપીટ) ફરીથી કહેવાને, to reiterate.

Word for word, બોલેબોલ, શબ્દે શબ્દ, each and every word.

Treá-ty, *n.* (ટ્રીટી) કોલકરાર, સહીસાટું, contract.

Mar′-riage, *n.* (મેરિજ) લગ્ન, nuptial. [ય એવી રીતે.

In my hear′-ing, (હીયરિંગ) મારા સાંભળતાં, મારાથી સંભળા-

Con-sent′, *v.* (કાન્સેન્ટ) હા પાડું છઉં, promise, agree.

Pro-vid′-ed, *conj.* (પ્રોવાઇડેડ) જો, if, in case.

Will set′-tle (upon) *v.* (ઉવિલ સેટલ) આપશો.

Rú-ined, *adj.* (રૂઇન્ડ) નાશ થએલા, barren.

Por′-tion, *n.* (પોર્શન) ભાગ, પેહેરામણી, dowery.

If you please, જો તમારી મરજી હોયતો.

Grant, *v.* (ગ્રેન્ટ) આપે. Whilst, *adv.* (ઉવ્હાઇલસ્ટ) જ્યાંસુધી.

Shall want, *v.* (શાલ ઉવૉન્ટ) ન્યુનતા રેહેશે, તંગી રેહેશે.

Was touched, *v.* (ઉવૉઝ ટચ્ડ) અસર થઇ, affected.

So, *adv.* એટલી. Re-built′, *v.* (રીબિલ્ટ) ફરીથી બાંધ્યા, re-established.

Had been de-stroy′-ed, *v.* (ડિસ્ટ્રૉયડ) નાશ થઇ ગયો હતો, had been desolated.

For′-ward, *adv.* (ફૉરવર્ડ) આગળ. [attention to.

Con-sult′-ed, *v.* (કૉન્સલ્ટેડ) ઉપર વિચાર કરી કામ કીધું, paid

Good, *n.* (ગુડ) સારૂં, કલ્યાણ, happiness.

Idioms :—You must know then. ત્યારે તમો સાંભળો.

That grew out of a heap. જે (ઝાડ) ઢગલામાંથી ઉગ્યું હતું.

They are now upon a treaty of marriage. તેઓ હમણા લગ્નનાં સહીસાટાં કરે છે.

From that time forward. તે વખ્તથી તરતજ.

LESSON XXI.

The Lost Camel. ભુલું પડેલું ઉંટ.

Lost, *adj.* (લૉસ્ટ) ખોવાએલું, ભુલું પડેલું.

Cam′-el, *n.* (કૅમલ) ઉંટ.

Der′-vis, *n.* (ડર્વિસ) ફકીર, a turkish monk.

Was jour-ney-ing, *v.* (વૉઝ-જર્નીંગ) મુસાફરી કરતો-ફરતો હતો.
Dè-sert, *n.* (ડેઝર્ટ) રણ, wilderness.
Mer´-chants, *n.* (મર્ચન્ટસ) વેપારીઓ,
In-deed, *adv.* (ઇન્ડીડ) ખરેખર.
We have (lost) *v.* અમે ખોયું છે.
Blind, *adj.* (બ્લાઇન્ડ) આંધળું, deprived of sight.
In his right eye. તેની જમણી આંખે.
Left, *adj.* (લેફ્ટ) ડાબો.
Front, *adj.* (ફ્રન્ટ) આગલો, prior.
Had lost (a tooth) પડી ગયો હતો.
Re-joined´, *v.* (રિજોઇન્ડ) જવાબ દીધો, replied.
Was load´-ed, *v.* (વૉઝ-લોડેડ) લધાયલો હતો, (લાધેલો હતો), was freighted.
Most cer-tain-ly, *adv.* (મોસ્ટ સર્ટેન્લિ) નક્કિ, most indeed.
So late-ly, *adv.* (સોલેટલિ) હમણાંજ, so recent.
(have) Marked, *v.* (માર્કડ) તપાસ્યું છે, have noticed.
Par-tic´-u-lar-ly, *adv.* (પર્ટિક્યુલરલિ) બારીકાઇથી, વિગતવાર, acutely.
In all pro-ba-bil´-ity. (પ્રોબેબિલિટિ) સોવસા, નક્કિ, in all possibility.
Can con-duct, *v.* (કન્ડક્ટ) લઇ જશો, can lead, guide.
Pret´-ty, *adj.* (પ્રેટિ) મજાની, સુંદર, ખાસી.
Jew´-els, *n.* (જ્યૂએલ્સ) જવાહેર, ornaments.
Formed, *v.* (ફૉર્મ્ડ) થયો હતો, બન્યો હતો, became.
Car´-go, *n.* (કાર્ગો) સામાન, માલ, goods.
Strong, n. (સ્ટ્રાન્ગ) મ્હેનતુ-ઉદ્યોગી માણસો.
Æsop's fa-ble, (ઇસપ્સ ફેબલ) ઇસપનીતિ, ઇસપની કથા.
Fá-bu-lists, n. (ફ્યુબુલિસ્ટસ) કલ્પિત વાત રચનારા-જોડનારા.
Cart'-man, n. (કાર્ટમેન) ગાડીવાન, driver.
Prayed, v. (પ્રેઇડ) પ્રાર્થના-સ્તુતી કીધી.
Hercules, n. (હર્ક્યુલીસ) બળદેવ, god of strength.
To help, inf. (ટુ-હેલ્પ) ટેકો દેવાને-આપવાને.
Cart, n. (કાર્ટ) ગાડી.
Ditch, n. (ડિચ) ખાઇ, (કાદવ), a trench. [fastening.
Was stick'-ing, v. (વૉઝ-સ્ટિકિંગ) ચોંટી ગઇ હતી, was
Re-buked', v. (રીબ્યૂક્ડ) ઠપકો દીધો, blamed, reprehended.
Ar'-chi-tect, n. (આર્કિટેક્ટ) ઘડનાર, constructor.
Il-lus'-tri-ous, adj. (ઇલસ્ટ્રીયસ) પ્રખ્યાત, નામાંકિત.
Samuel Johnson, (સેમ્યૂઅલ-જોન્સન) નામ છે.
Toiled, v. (ટાઇલ્ડ) અતિશ્રમ લીધો, ઘણી મહેનત લીધી, worked, laboured.
Dic'-tion-a-ry, n. (ડિક્શનરિ) શબ્દાર્થ કોશ.
All the while, તે સઘળો વખત, during all the time.
Pó-ver-ty, n. (પાવર્ટિ) દરિદ્રતા, નિર્ધન અવસ્થા.
Sought, v. (સૉટ) શોધ્યો, યત્ન કીધું, searched, tried.
In vain, વૃથા, ફોકટ. [age.
Pro tec'-tion, n. (પ્રોટેક્શન) આશ્રો, આધાર, મદદ, patron-
To be called, કેહેવડાવવાને.

Pá-tron of let′-ters, (પેટ્રન-ઓફ-લેટર્ઝ) વિદ્યાને ટેકો આપનાર, વિદ્યાશ્રિત. [lished.

Ap-peared′, v. (ઍપીયર્ડ) બહાર પડી, પ્રગટ થઇ, was pub-

Pá-tron-age, n. (પૅટ્રોનેઇજ) આશ્રય, સ્હાયો, support.

Coud have been, થાત (મ્હોટો માણસ). [vary.

Dif′-fer, v. (ડિફર) જુદા પડેછે, વિચારને મળતા આવતા નથી,

Hu-mane′, adj. (હ્યુમેઇન) દયાવંત, દયાળુ, kind.

Stern, adj. (સ્ટર્ન) કરડો, સખ્ત, નિર્દય, austere.

De-voté (themselves), v. (ડિવોટ) મંડેછે, મચેછે, engage themselves.

A′-like, adj. (અૅલાઇક) સરખા, સમાન, resembling,equal.

Hard-work′-ers, n. (હાર્ડ-ઉવર્કર્સ) સખ્ત મેહેનત કરનારા.

Re-ly′, v. (રીલાઇ) ભરોસો રાખે છે, depend.

Re-sem′-bles, v. (રેઝિમ્બલ્ઝ) મળતો આવે છે.

High in rank, મ્હોટી પદ્વીના. [work.

Left (affairs), v. (લેફ્ટ) સોંપતા, (કામકાજ), entrusted the

Mi′-nis-ters, n. (મિનિસ્ટર્ઝ) પ્રધાનો, દીવાન.

Must (not) be deceived, n. (ડિસીવ્ડ) ઠગાવવું નહીં જોઇએ, must not be cheated. [full.

Con-tempt′-i-ble, adj. (કૅન્ટેમ્પ્ટિબલ) ધિક્કારવા જોગ, hate-

Feed on, v. (ફીડ) નિર્વાહ-ગુજરાન ચલાવેછે, live on.

Rot′-ten-ness, (રૅાટનનેસ) સળો; સડો. putrication.

Will pass away, નાશ થાયછે.

Idioms:—Stephenson was born a labourer, સ્ટીવન્સન એક મજુરનો છોકરો હતો.

He betook himself to learning, તે વિદ્યાભ્યાસ કરવા મંડ્યો.

To what did these eminent men owe their elevation, શાથી આ નામાંકિત પુરૂષો ચઢતી પદ્વીને પામ્યા.

Fortune favours the strong, મ્હેનતુને નસીબ ફળેછે

LESSON XLVII.

Patience.

Pa-ti-ence, n. (પેશન્સ) ખામોશ, ધીરજ, endurance.

Pá-ti-ent, *adj.* (પેશન્ટ) સહનશીલ ધૈર્યવાન. enduring.
In'-ju-ries, *n.* (ઇન્જ્યૂરીઝ) દુઃખ; ઇજા, 'aunoyance.'
Want of coú-rage, (વૉન્ટ-ઑફ-કરિજ) હિંમતની ખામી-ખોટ, need of courage.
Form'-er, *adj.* (ફૉર્મેર) આગલા, પેહેલા.
Chap'-ter, *n.* (ચૅપ્ટર) પ્રકરણ; ભાગ, part of a story.
Pre-sent'-ed, *v.* (પ્રિઝેન્ટેટ) આવતી; માલમ પડતી, came.
Called it forth, *v.* (કૉલ્ડ ફોર્થ) તે (હિંમત) દેખાડવી પડતી.
Un'-der whose arm, જેના બાહુ નીચે, જેના આશ્રય તળે.
Shel'-ter, *n.* (શેલ્ટર) આશ્રય, રક્ષણ, protection, refuse.
Did a-rise, *v.* (ડિડ-એરાઇઝ) ઉત્પન્ન થતું, produced.
In-sens'-i-bil''-i-ty, *n.* (ઇન્સેન્સિબિલિટિ) બેભાનપણું, બેબુદ્ધિ, ગાફેલી, stupidity.
Ob-tusé-ness, *n.* (ઑબ્ટ્યૂસનેસ) મંદપણું, જડપણું, dullness, bluntness.
In-tel-lect'-u-al, *adj.* (ઇન્ટેલેક્ટ્યૂઅલ) મનની.
Parts, *n.* (પાર્ટસ) બુદ્ધિ; શક્તિ.
Feel'-ing-ly, *adv.* (ફીલિંગ્લિ) અસરકારકરીતે, તીખાસથી.
Plá-cid', *adj.* (પ્લૅસિડ) શાંત; સૈમ્ય, gentle, calm, quiet.
Ná-ture, *n.* (નેચર) સ્વભાવ, disposition.
Jar' ring, *adj.* (જારિંગ) વિરૂદ્ધ, વઢકણા, discordant.
El'-e-ment, *n.* (એલીમેન્ટ) તત્વ, અંસ, principle, constituents, parts.
Was mixed up, *v.* (મિક્સ્ડ) મિશ્ર થયલું હતું.
Scarce (ly), *adv.* (સ્કેર્સ્લિ) ભાગ્યેજ, seldom.
To re-tá-li-ate, *inf.* (ટુ-રિટેલિયેટ) બદલોવાળવા-લેવાને, ખંગ લેવાને, to requite.
At din'-ner, (ઍટ-ડિનર) ભોજન વખતે; જમતી વેળા.
O-ver-grown' one, (ઓવરગ્રોન) ઘણી ઘરડી માખી, advanced in age one, big one.
Had buzzed, *v.* (હૅડ-બઝ્ડ) ગુણ ગુણ કીધું હતું, hummed.

(had) Tor-ment'-ed, *v.* (ટૉર્મેન્ટેડ) દુઃખ દીધું હતું, હેરાન કીધો હતો, had harassed, had troubled.

In'-fi-nite, *adj.* (ઇન્ફિનિટ) ઘણા, અતિશય, great many.

Sash, *n.* (સેશ) બારીનું ચોકઠું, a window frame.

O'-pen-ing, *pr. p.* (ઓપનીંગ) ખુલ્લી કરીને.

To let es-cape', *inf.* (ટુ-લેટ-એસ્કેઇપ) ઉડી જવાને.

De'vil, *n.* (ડેવિલ) ભુત, પિશાચ, બલા.

Get thee gone, તું નિકળ-જા, off from this place.

To hold, *inf.* (ટુ-હોલ્ડ) રાખવાને.

Wide, *adj.* (વાઇડ) મોટી. [દુર માણસ હતો.

Idioms.—He was a man of courage, તે હીંમતવાન-બહા-

I will not hurt a hair of thy head, તારા માથાનો વાળ પણ હું વાંકો નહીં કરૂં.

Where just occasions presented, યોગ્ય પ્રસંગ આવે ત્યારે.

LESSON XLVIII.

The Pet Lamb.

Hast for-got', *v.* (હૅસ્ટ-ફૉર્ગોટ) ભુલી ગયુંછે, has neglected.

Far away, (ફાર-અવે) ઘણે દુર.

Flocks, *n.* (ફ્લૉક્સ) ઘેટાના ટોળાં, herds.

Wert own'd, *v.* (વર્ટ-ઓન્ડ) ધણી કરાયો, (ધણી થયો).

From thy side, તારી પાસેથી.

For ev'-er more, (એવરમોર) હમેશને માટે, સદા, eternally.

In pi'-ty, (ઇન-પિટી) દયાથી, દયા આવી તેથી, with sympathy.

Bless'-ed, *adj.* (બ્લેસેડ) સુખી, સુખરૂપ, happy, lucky.

Whith'-er, *adv.* (હવિધર) ક્યાં, કઇ જગોએ, to what place.

Wouldst roam, *v.* (વુડસ્ટ-રોમ) રખડત, ભટકત, wander.

Nurse, *n.* (નર્સ) પાલન કરનાર, ઉછેરનાર (કુમારિકા), one who tends.

Dam, *n.* (ડૅમ) મા (જનાવરની), mother of brutes.

Did-yean, *v.* (ડિડ-યીન) જન્મ આપ્યો, did bring forth.

Kind'er, *adj.* (કાઇન્ડર) વધારે માયાળુ. [affecting.
Is work'-ing, *v.* (ઇઝ-ર્વર્કિંગ) અસરિ કરેછે, agitating,
Be-liké, *adv.* (બિલાઇક) કદાચ, perhaps, probably.
Alas, (અલાસ) અફસોસ, a word of sorrow. [full
Fear'-ful, *adj.* (ફીઅરફુલ) ભયંકર, તોફાની, terrible, dread-
Brooks, *n.* (બ્રુક્સ) નાળાં, streams, rivulets.
Pas'-time, *n.* (પૅસ્ટાઇમ) ગમત; રમત, amusement, diversion, sport.
Roar, *v.* (રોર) ગર્જના કરેછે, utter a loud sound, brawl.
Prey, *n.* (પ્રે) શિકાર, chase.
Need'st (not) dread, (નીડસ્ટ-નાટ-ડ્રેડ) બિહવું નહીં, needst not fear.
Rá-ven, *n.* (રેવન) જંગલી કાગડો, crow.
Hard by, પાસે, નજીક, near.
Bleat, *v.* (બ્લીટ) બ્બેં કરવું, crying like a sheep.
Pull, *v.* (પુલ) ખેંચેછે.
At break of day, મળસકું, પ્રાતઃકાળ, વાણું, dawn.
Idioms:—Thou wert owned by none, તારો ધણી કોઇ હતો નહીં.
A blessed day for thee, તારે માટે તે સુખી દિવસ હતો.
'tis thy mother's heart, તે તારી મા ઉપરનો પ્યાર છે.

હિંદુસ્થાનની ભૂગોળના પ્રશ્નોત્તર.

સવાલ—છોકરાઓ બોલો તો હિંદુસ્તાન દેશ ક્યાં છે?

જવાબ—એ દેશ એશિઆ ખંડની દક્ષિણ દિશા તરફ છે.

સ—હિંદુસ્તાન દેશનો આકાર કેહેવો છે?

જ—ત્રિકોણાકારને મળતો, દ્વિપકલ્પ જેવો.

સ—હિંદુસ્તાનનું બીજું નામ શું, અને તે નામ શાથી પડ્યું?

જ—એનું બીજું નામ ભરતખંડ તે કોઇ ભરત કરીને રાજા થઇ ગયો તે ઉપરથી પડયું છે.

સ—હિંસ્તાનની ચતુઃ સીમા કહીજાઓ?

જ—ઉત્તરે હિમાલય પર્વત તથા તેની પેલી તરફ ટિબેટ દેશ; પશ્ચિમે આફગાનીસ્તાન તથા આરબી સમુદ્ર; દક્ષિણે હિંદી માહાસાગર; અને પૂર્વે બંગાળાનો ઉપસાગર, તથા તેની પેલી તરફ બ્રહ્મદેશ છે.

સ—ત્યારે હિંદુસ્તાનની ચારે દિશાના કોણની હદ પર શું શું આવેલું છે?

જ—વાયવ્ય કોણની હદ પર સુલેમાન પાહાડો તથા મોટી સિંધુ નદી છે; ઈશાન કોણની હદ પર મોટી બ્રહ્મપુત્રા નદી છે; અને નૈરત્ય તથા અગ્નિ કોણની હદ પર સમુદ્ર એટલે હિંદી માહાસાગર છે.

સ—હિંદુસ્તાનની ઉત્તરનો ટિબેટ દેશ હિંદુસ્તાનથી શાથી જુદો પડેછે?

જ—હિમાલય પર્વતથી.

સ—ત્યારે આફગાનીસ્તાન હિંદુસ્તાનથી શાથી જુદું પડેછે?

જ—સુલેમાન પાહાડો તથા સિંધુ નદીથી.

સ—હિંદુસ્તાનની પૂર્વ તરફનો બ્રહ્મદેશ શાથી જુદો પડેછે?

જ—આસામના પાહાડ તથા બંગાળાના ઉપસાગરથી.

સ—હિંદુસ્તાનના કેટલા ભાગ કીધાછે તેના નામ દો?

જ—ત્રણ ભાગ, ઉત્તર હિંદુસ્તાન, મધ્ય હિંદુસ્તાન, ને દક્ષિણ હિંદુસ્તાન.

સ—એ ત્રણો ભાગ કોની કોની વચ્ચેછે તે કોહો?

જ—ઉત્તર હિંદુસ્તાન હિમાલય પર્વત તથા શિવાલીક પાહાડ વચ્ચે છે. મધ્ય હિંદુસ્તાન શિવાલીક પાહાડતથા નર્મદા નદી વચ્ચે

છે, ને દક્ષિણ હિંદુસ્તાન નર્મદા નદીની દક્ષિણ તરફનો જે
બાકી ભાગ તે.

સ—ઉત્તર હિંદુસ્તાનમાં ક્યાક્યા પ્રાંતો આવેલાછે?

જ—કાશ્મીર, નેપાલ, ને ભૂતાન.

સ—કાશ્મીર, નેપાલ, ને ભૂતાનની રાજધાની બોલો?

જ—કાશ્મીરની રાજધાની શ્રીનગર, નેપાલની ખટમન્ડુ, અને
ભૂતાનની રાજધાની ટાસીસ્યુડન છે.

સ—ઉત્તર હિંદુસ્તાનથી દક્ષિણે જતાં કયું હિંદુસ્તાન આવે?

જ—મધ્ય હિંદુસ્તાન.

સ—મધ્ય હિંદુસ્તાનમાં આવેલા પ્રાંતો બોલો?

જ—બંગાળા, બાહાર, અલાહાબાદ, અયોધ્યા, દીલ્હી, આગ્રા,
પંજાબ, મૂલતાન, રજપૂતસ્થાન, માળવા, ગુજરાત, કચ્છ, ને સિંધ.

સ—ઉપલા પ્રાંતોની રાજધાની અથવા મોટા શેહેરો બોલી જાઓ?

જ—બંગાળાની રાજધાની કલકત્તા; બાહારની પટણાને મોંગીર;
અલાહાબાદની પ્રયાગ; અયોધ્યાની લખનોર; દીલ્હીની દીલ્હી,
મીરત, ને સરહીંદ; આગ્રાની આગ્રા; પંજાબની લાહોર;
મૂલતાનની મૂલતાન; રજપૂતસ્થાનની અજમેર, જેપુર, ને
ઉદેપુર; માળવાની ઉજ્જન ને ઇનદોર; ગુજરાતની અમદા
વાદ; કચ્છની ભૂજ; ને સિંધની હૈદ્રાબાદ, કરાંચી.

સ—મધ્ય હિંદુસ્તાનથી દક્ષિણે જતાં કયું હિંદુસ્તાન આવે?

જ—દક્ષિણ હિંદુસ્તાન.

સ—દક્ષિણ હિંદુસ્તાન શાથી ઓળખાયછે?

જ—દક્ષિણ હિંદુસ્તાનને ડેક્કણ કે દક્ષિણ, અથવા દક્ષિણ દેશ
કેહેછે તેથી.

સ—દક્ષિણ હિંદુસ્તાનમાં ક્યા ક્યા પ્રાંતો આવ્યાછે?

જ—માહારાષ્ટ્ર, નિજામનું રાજ્ય, ઓઢિઆ, ઉત્તર સરકાર, મ-
હિસૂર, મલબાર, ત્રાવણકોર, ને કર્ણાટક.

સ—એ પ્રાંતોની રાજધાની ઇઆને મોટાં શેહેરો બોલી જાઓ?

જ—માહારાષ્ટ્રની રાજધાની પુના; નિજામની હૈદ્રાબાદ; ઓઢિઆની
કટક; ઉત્તર સરકારની મછલીપટ્ટણ, મહિસૂરની શ્રીરંગપટ્ટણ,
(તે આગળ ટીપુ સુલતાનની રાજધાની હતી; મલબારની

કાનાનોર; ત્રાવણકોરની ત્રિવનદ્રમ; ને કર્ણાટકની રાજધાની આર્કોટ છે.

સ—કર્ણાટક અને ઉત્તર સરકારના મૂલક ક્યાંથી તે ક્યાં સુધીછે?

જ—કેપ કન્યાકુમારીથી તે ક્રશ્ણા નદી સુધીનો મૂલક તે કર્ણાટકનો, અને ક્રશ્ણા નદીથી તે ઓઢિઆ સુધીનો મૂલક તે ઉત્તર સરકારનો.

સ—બહુ સારૂં. છોકરાઓ હવે બોલો તો હિંદુસ્તાનના રાજકીય ભાગ કેટલા કીધાછે, અને તે દરએકને શું કેહેછે?

જ—રાજકીય ભાગ અસલ તો ચાર, પણ હાલ પાંચ થયલા છે તે દર એકને ઇલાકો કેહેછે.

સ—હિંદુસ્તાનના એ પાંચે ઇલાકાના નામ દો?

જ—બંગાળા ઇલાકો, આગ્રા ઇલાકો, પંજાબ ઇલાકો, મુંબઇ ઇલાકો, ને મદ્રાસ ઇલાકો.

સ—બંગાળા ઇલાકો કેણી તરફ છે, અને તેમાં પ્રાંતો ક્યા ક્યા આવ્યા છે તે બોલો?

જ—બંગાળા ઇલાકો ગંગા તથા બ્રહ્મપુત્રા નદી તરફનો ઘણું કરી ને જે ભાગ તે. એમાં બંગાળા, બાહાર, ઓઢિઆ, આસામ, આરાકાન, પેગુ, મારટાબાન, વગેરે પ્રાંતો આવેલાછે.

સ—બંગાળા ઇલાકાની ચારે દિશાએ શુંશું આવેલું છે?

જ—ઉત્તરે નેપાલ ને ભૂતાન છે; પશ્ચિમે મધ્ય તથા વાયવ્ય ખૂણાના પ્રાંતો, ને આગ્રા ઇલાકાનો ભાગ; દક્ષિણે બંગાળાનો ઉપસાગર ને ઓઢિઆ તથા ઉત્તર સરકારનો મૂલક; ને પૂર્વે આરાકાન તથા બ્રહ્મદેશછે.

સ—બંગાળા ઇલાકામાં મોટા મોટા શેહેરો ક્યા આવ્યાછે?

જ—કલકત્તા, મુર્શિદાબાદ, ઢાકા, બર્ધવાન, બેરામપુર, ચીતાગાંગ, શ્રીરામપુર, ચંદ્રનગર, દારજીલીંગ, બાહાર, પટણા, મોંગીર, દીનાપુર, ભાગળપુર, રાજમાહાલ, ગયાજી, બક્ષર, કટક, બાલાસુર, જગન્નાથ, આસામ, આરાકાન, રંગુન મારટાબાન.

સ—બંગાળા ઇલાકાની મોટી મોટી નદીઓ બોલો?

જ—એમાં મુખ્ય નદી ગંગા ને બ્રહ્મપુત્રા છે. તે શિવાય ગંગાની શાખા ગોગ્રા, શોણ, હુગલી વગેરે છે; ને બીજી દક્ષિણ તરફ માહા નદી છે.

સ—બંગાળા ઇલાકાનો વિસ્તાર (ક્ષેત્રફળ) કેટલું, ને વસ્તી કેટલી છે તે કોહો?

જ—ક્ષેત્રફળ આસરે ૨.૨૦૦૦૦ ચોરસ માંઇલ ને વસ્તી આસરે પાંચ કરોડનીં છે.

સ—બંગાળા ઇલાકાથી વાયવ્ય દિશા તરફ જઇએ તો કયો ઇલાકો આવે?

જ—આગ્રા ઇલાકો.

સ—આગ્રા ઇલાકાની ચારે દિશાની હદ કોહો?

જ—ઉત્તરે નેપાલ તથા હિમાલયનો કંઇ ભાગ; પશ્ચિમે રજપૂતસ્થાન તથા પંજાબ ઇલાકો; દક્ષિણે બુંદેલખંડ તથા રેવા વગેરે પ્રાંતો; અને પૂર્વે બંગાળા ઇલાકો છે.

સ—આગ્રા ઇલાકો ક્યા ક્યા પ્રાંતો મળીને થયલોછે?

જ—આગ્રા, પ્રયાગ, ને અયોધ્યા મળીને.

સ—આગ્રા ઇલાકામાં આવેલા મોટા શેહેરો બોલો?

જ—કાશી, આગ્રા, પ્રયાગ, મીરજાપોર, ચુનાર, કલિંજર, કાનપોર, લખનૌર, જુઆનપોર, કનોજ, ગોવાળીઅર, કાલ્પી, ફૈજાબાદ, હરદ્વાર, ને શાહાજાનપોર વગેરે.

સ—એ ઇલાકાના કાશી, પ્રયાગ, હરદ્વાર, એ શેહેરો શાનેવાસ્તે નામીચાં છે?

જ—હિંદુઓના મોટાં તીર્થનાં ઠેકાણાં છે તેથી.

સ—આગ્રા ઇલાકામાં મુખ્ય નદીઓ કઇ કઇ આવીછે?

જ—ગંગા, જમના, ગોમતી, ગોગ્રા, ચંબલ વગેરે.

સ—આગ્રા ઇલાકાનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલીછે તે કહો?

જ—ક્ષેત્રફળ આસરે ૧.૪૦૦૦૦ ચોરસ માઇલ, ને વસ્તી આસરે સાડા ત્રણ કરોડની છે.

સ—આગ્રા ઇલાકાથી વાવ્ય કોણ તરફ જતાં કયો ઇલાકો આવે?

જ—પંજાબ ઇલાકો.

સ—પંજાબ ઇલાકો ક્યાં છે ને એનું નામ પંજાબ શાથી પડયું?

જ—પંજાબ ઇલાકો પાંચ નદીઓ (સતલજ, બીઆસ, રાવી, ચીનાબ, જહલમ) ઉપર આવેલો છે, અને એ પાંચ નદીઓ ઉપર છે તેથીજ એનું નામ (પંજાબ) પડયુંછે. કેમકે પંજ તે પાંચ, અને આબ તે પાણી એટલે પાંચ નદીઓના પાણી વચ્ચે આવેલો મૂલક.

સ—પંજાબ ઈલાકાની મર્યાદા બોલો?

જ—ઉત્તરે હિમાલય પર્વતના ડુંગરાની હાર તથા કાશ્મીરનો કંઈ ભાગ; પશ્ચિમે સુલેમાન પાહાડ તથા સિંધુ નદી; દક્ષિણે મુંબઈ ઈલાકો; ને પુર્વે સતલજ નદીના કાંઠાના સંસ્થાનો તથા આગ્રા ઈલાકાનો ભાગ.

સ—પંજાબ ઈલાકામાં કયા કયા પ્રાંતો આવેલા છે?

જ—પંજાબ, મૂલતાન, સતલજ નદીના કાંઠાના સંસ્થાનો અને દીલ્હી.

સ—પંજાબ ઈલાકામાં મોટા મોટા શેહેરો કયા આવ્યાછે?

જ—લાહોર, મૂલતાન, અમૃતસર, પેશાવર, અટક, રાવલપીંડી, ભાવલપુર, લુધીઆના, બરેલી, દીલ્હી, સરહિંદ, મીરત, સાહારનપોર, ને પાણીપત.

સ—પંજાબ ઈલાકાની મોટી મોટી નદીઓ બોલો?

જ—એમાં મોટી નદી ફક્ત એક સિંધુ, ને સતલજ, બીયાસ, રાવી, ચીનાબ, ને જેહલમ તેની શાખાઓ છે.

સ—સિંધુ નદીનું બીજું નામ શું અને તે શાથી પડ્યું?

જ—એનું બીજું નામ અટકનદી, કેમકે એ નદીના મૂળ પાસે અટક શેહેર છે. વળી એ નદીથી પશ્ચિમ તરફ આગળ જતાં હિંદુઓને ધર્મનો અટકાવ છે, તથા અહીંઆથી હિંદુસ્તાનની પશ્ચિમ તરફની હદ પુરી થાય છે તેથી પણ એનું નામ અટક પડ્યું છે.

સ—પંજાબ ઈલાકાની પાસે ગંગા તથા જમના નદી વચ્ચે કયો પ્રાંત આવેલો છે?

જ—દુઆબ પ્રાંત.

સ—દુઆબ પ્રાંત ક્યાં છે, ને એનું નામ દુઆબ શાથી પડ્યું?

જ—એ પ્રાંત આગ્રા ઈલાકામાં છે, પણ એના બધા ભાગો પંજાબ ઈલાકાને લગતા આવેલા છે. એ દુઆબ પ્રાંત ગંગા તથા જમના નદી વચ્ચે આવ્યો છે તેથીજ એનું નામ દુઆબ પડ્યું છે; કેમકે દુ તે બે, ને આબ તે પાણી—એટલે બે નદીઓનાં પાણી વચ્ચે આવેલો તે.

સ—દુઆબ પ્રાંતના કેટલા ભાગ થયલાછે તેના નામ દો?

જ—પાંચ, જલંદર દુઆબ, બારી દુઆબ, રચના દુઆબ, જેચ દુઆબ, ને સિંધ સાગર દુઆબ.

સ—એ પાંચે દુઆબ કઇ કઇ નદી વચ્ચે છે તે કહો?
જ—જલંદર દુઆબ, સતલજ ને બીઆસ નદી વચ્ચે.
બારી દુઆબ, ધારા ને રાવી નદી વચ્ચે.
રેચના દુઆબ, રાવી ને ચીનાબ નદી વચ્ચે.
જેચ દુઆબ, ચીનાબ ને જહલમ નદી વચ્ચે.
સિંધ સાગર દુઆબ, જહલમ તથા સિંધુ નદી વચ્ચે.
સ—બારી દુઆબ આગળ ધારા નદીછે તે ધારા નદીનું નામ શા ઉપરથી પડેલું છે, અને તેના ઉપર કયા શેહેરો આવેલા છે?
જ—સતલજ ને બીઆસ નદીનો સંગમ થઇને આગળ જે પ્રવાહ ચાલેલો છે તેનું નામ ધારા નદી પડ્યુંછે. ધારા ઉપર જલાલપુર, ભાવલપુર, મુબારકપુર, અને ફીરોજપુર શેહેરો છે.
સ—પંજાબ ઇલાકાનું ક્ષેત્રફળ કેટલું તથા વસ્તી કેટલીછે તે કહો?
જ—ક્ષેત્રફળ આશરે ૧૦૦૦૦૦ ચોરસ માઇલ, ને વસ્તી આસરે ૧૫ કરોડની છે.
સ—પંજાબ ઇલાકાથી દક્ષિણમાં જઇએ તો કયો ઇલાકો આવે?
જ—મુંબઇ ઇલાકો.
સ—મુંબઇ ઇલાકાની ચારે દિશાની હદ કોહો?
જ—ઉત્તરે મારવાડ, સીરોહી, તથા ગાયકવાડ ને હોલકરનો મૂલક; પશ્ચિમે ખંભાતનું અખાત, આરબી સમુદ્ર, અને ગાયકવાડનો મૂલક; દક્ષિણે ફીરંગી લોકોનો ગોમંત પ્રાંત ને મદ્રાસ ઇલાકાનો ભાગ; અને પૂર્વે માળવા, વરાડ, ને મદ્રાસ ઇલાકાનો કંઇ ભાગ.
સ—મુંબઇ ઇલાકાના કેટલા ભાગ થયલા છે તેના નામ દો?
જ—પાંચ ભાગ. સિંધ પ્રાંત, કચ્છ પ્રાંત, ગુજરાત પ્રાંત, ઉત્તર માહારાષ્ટ્ર, ને દક્ષિણ માહારાષ્ટ્ર.
સ—એ ઇલાકામાં ઉત્તર માહારાષ્ટ્રના કેટલા ભાગ અને તે શા કારણથી થયલાછે, અને તેમાંના દરએક ભાગને શું કહેછે, ને તેમાં વસનારા લોકો કેહેવા કેહેવાયછે?
જ—સહ્યાદ્રિ પર્વત વચમાં આવવાથી ઉત્તર માહારાષ્ટ્રના બે ભાગ થયલા છે, તેમાં પશ્ચિમ તરફના ભાગને કોકણ કહેછે અને તેમાં વસનારા લોકો કુકણી કહેવાયછે. તેમજ પૂર્વ તરફના ભાગને દક્ષિણ કહેછે, ને ત્યાંના વસનારા લોકો દક્ષિણી કે મરાઠા કહેવાય છે.

સ—મુંબઇ ઇલાકામાં મુખ્ય જીલ્લાઓ કયા આવ્યાછે?
જ—શીકારપુર, હૈદ્રાબાદ, કરાંચી, અમદાવાદ, પંચમાહાલ, ખેડા, ભરૂચ, સુરત, થાણા, ખાનદેશ, અહમદનગર, નાશીક, પુના, સતારા, સોલાપુર, બેલગામ, ધારવાડ, કલાદગી, કાનેડા, રત્નાગીરી, ને કોલાબા.
સ—એ જીલ્લાના તથા બીજા એ શિવાય મોટા શેહેરો મુંબઈ ઇલાકામાં હોય તેના નામ દો?
જ—શીકારપુર, હૈદ્રાબાદ, કરાંચી, અમદાવાદ, ગોધરા, ખેડા, ભરૂચ, સુરત, થાણા, ધુળીઆ, અહમદનગર, નાશીક, પુના, સતારા, સોલાપુર બેલગામ, ધારવાડ, કલાદગી, હોનાવર, રત્નાગીરી, કોલાબા એ ઉપલા જીલ્લાના મુખ્ય શેહેરો. એ શિવાય ખૈરપુર, ભૂજ, માંડવી, નવાનગર, રાજકોટ, જુનાગઢ, ભાવનગર, ખંભાત, વડોદરૂં, માલેગામ, કોલાપુર, સાવંતવાડી, ગોવા વગેરે બીજા શેહેરો છે.
સ—મુંબઈ ઇલાકામાં પંચમાહાલ જીલ્લો કયાંછે, ને એનું નામ પંચમાહાલ શાથી પડ્યું?
જ—એ જીલ્લો ગુજરાતની પૂર્વે ખેડા જીલ્લાને લગતો છે. એમાં ગોધરા, હાલોલ, કાલોલ, દાહોદ, ને ઝાલોદ એવા પાંચ માહાલ આવેલા છે તેથી તેનું નામ **પંચમાહાલ** પડ્યું છે.
સ—મુંબઇ ઇલાકાનું મુખ્ય શેહેર કયું ને તે ક્યાં છે, તથા તેમાં કેટલા અને કેવા માણસની વસ્તી છે તે કહો?
જ—એ ઇલાકાનું મુખ્ય શેહેર **મુંબઈ (મુંબઈ બેટ)**, તે દક્ષિણમાં કોકણ પટીના કીનારા આગળ બેટમાં આવ્યું છે. આશરે ૮,૨૫૦૦૦ માણસની વસ્તી છે. તેમાં પારસી, હિંદુ, ભાટીઆ, ને ખોજા ઘણા પૈસાદારછે. તેઓ મોટા ભારે વેપારી ને ઘણા પૈસાદાર છે.
સ—મુંબઇ એ કેહેવું શેહેર છે, અને એની બીજી જાણવા જોગ હકીકત બોલો?
જ—એ મુંબઈ શેહેર ઘણું શોભાવંતું જોવા લાયક, અને વેપારનું મોટું બંદર છે. એમાં વિલાયત વગેરે બાહાર દેશાવરથી ઘણા જાત જાતના યંત્રો, તેમજ કાપડ, ચીની ખાનું, રેશમ, કરીઆણું વગેરે પુશકળ માલ આવે છે. અહીં આના ઘરોની બાંધણી ઘણી ઊંચી

ને સરસ છે. જમીન પથ્થરની છે તેથી પાણી આગળતો કંઈ સારા નહોતાં, પણ હાલ કેટલીક મુદત થયા દૂરથી તળાવમાં નળો મુકી પાણી લાવેલા છે તેથી હાલતે નીરોગી થયાંછે. મુંબઈ ઇલાકાનું મુખ્ય શેહેર મુંબાઈ, તેથી સૌથી મોટા દરજાની ધનસાફની કચેરી અહીંઆં છે. એ ઇલાકાના ઉપરી વડા અધિકારી ગવર્નર સાહેબ પણ અહીંઆં રેહેછે. હિંદુસ્તાનમાં સૌથી મોહોટું શેહેર એ છે.

સ—મુંબઇ બેટ અંગ્રેજ સરકારને હાથ ક્યારે અને શી રીતે આવ્યો?

જ—સન ૧૬૬૧ માં ઈંગ્લંડ દેશનો બીજો ચાર્લ્સ રાજા પોરટુગીઝ લોકોની કેથેરાઇન કન્યા તે પરણ્યો, તેની પેહેરામણીમાં પોરટુગીઝ લોકો પાસેથી તે મળ્યો.

સ—મુંબઈ ઇલાકામાં વેપારના બંદરો કયા કયા આવ્યા છે?

જ—વિજયદુર્ગ, મુંબઈ, વસઈ, સુરત, ભરૂચ, ખંભાત, ધોળેરા, ભાવનગર, પોરબંદર, માંડવી, કરાંચી.

સ—મુંબઈ ઇલાકામાં મુખ્ય પર્વતો કયા આવ્યા છે?

જ—એમાં સહ્યાદ્રિ ને સાતપુડો એવા બે મોટા પર્વતો છે.

સ—મુંબઈ ઇલાકામાં આવેલી મોટી મોટી નદીઓ બોલો?

જ—સિંધુ, સાબરમતી, વિશ્વામિત્રી, મહી, ઢાઢર, નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા, સીના ને ભીમા વગેરે.

સ—ઉપલી નદીઓમાં સીના ને ભીમા નદી મુંબઇ ઇલાકાના કયા ભાગમાં છે, ને તેનાપર કયા શેહેરો આવ્યા છે?

જ—માહારાષ્ટમાં. સીના ઉપર અહમદનગર, અને ભીમા ઉપર પંઢરપુર જાત્રાનું ઠેકાણું છે.

સ—એ ઇલાકામાં ગાયકવાડના રાજનું મુખ્ય શેહેર કયું, અને તે કયાં અને કઈ નદી ઉપર છે?

જ—ગાયકવાડના રાજનું મુખ્ય શેહેર વડોદરૂં, તે ગુજરાતમાં વિશ્વામીત્રી નદી ઉપર છે.

સ—મુંબઈ ઇલાકામાં એજન્સી કઇ કઈ છે?

જ—એમાં કાઠીયાવાડ, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, સુરત એજન્સી, ભીલ સંસ્થાનની એજન્સી, અને (પેંડ, જવાર, જંજીરા) સંસ્થાનની એજન્સી એવી સાત છે.

સ—એજન્સી એટલે શું તે કોહો?

જ—નાનાં નાનાં સંસ્થાન જેઓ અંગ્રેજી રાજ્યને તાબે રહી ઘણું કરી તેને અથવા ગાયકવાડને ખંડણી આપેછે તેવા સંસ્થાનનો મુલક—એમ કેટલાક સંસ્થાન સામટા મળીને જે પ્રાંત થાયછે તેનું એજનસી કહે છે.

સ—મુંબઈ ઈલાકાનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી છે તે બોલો?

જ—ક્ષેત્રફળ આસરે ૧,૮૧૦૦૦ ચોરસ માઇલ, ને વસ્તી આસરે ૧ કરોડ ૬૪ લાખની છે.

સ—મુંબઇ ઇલાકાની દક્ષિણે અગ્નિ ખુણા તરફ કયો ઇલાકો આવે છે?

જ—મદ્રાસ ઇલાકો.

સ—મદ્રાસ ઇલાકાની આસપાસ શું શું આવેલું છે?

જ—ઉત્તરે તથા વાવ્ય દિશા તરફ મુંબઈ ઈલાકાનો ભાગ છે, બાકી બધી દિશા તરફ દરિઓ છે.

સ—મદ્રાસ ઈલાકાનો ભાગ કેણી તરફ છે અને તેમાં કયા કયા પ્રાંતો આવેલા છે?

જ—કૃષ્ણા અને તુંગભદ્રા નદીની દક્ષિણ તરફનો ભાગ જે ભાગ તે મદ્રાસ ઇલાકો. એમાં તૈલંગણ, ઉત્તર સરકાર, મહિસૂર, કર્ણાટક, બાલાઘ્રાટ, કાનડા, મલબાર વગેરે પ્રાંતો છે.

સ—મદ્રાસ ઇલાકાના મુખ્ય શેહેરો બોલો?

જ—મદ્રાસ, મછ્લીપટ્ટણ, ચીનોર, ત્રીચીનાપોલી, ટાલચરી, ગંજામ, વીસાગાપાટણ, રાજમંદ્રી, ગંતુર, વીજયનગર, પોન્ડીચરી, આર્કાટ, તંજાવર, મધુરાં, ત્રાંકવીબાર, વીગાપટ્ટણ, તીનવલી, બેલારી, કડપાં, માંગલોર, બાંગલોર, કલ્યાણપુર, કાનાનોર, કેલીકટ, શ્રીરંગપટ્ટણ, ને ત્રિવનદ્રમ.

સ—મદ્રાસ ઈલાકામાં દેશી રાજ્યો કયા કયા છે?

જ—મહિસૂર, કોચીન, અને ત્રાવણકોરનું.

સ—મદ્રાસ ઈલાકામાં નદીઓ કઈ કઇ આવીછે?

જ—એમાં ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, તુંગભદ્રા મોટી નદીઓ છે.

સ—મદ્રાસ ઈલાકાનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી છે તે કહો?

જ—ક્ષેત્રફળ આશરે ૧,૩૦૦૦૦ ચોરસ માઈલ, ને વસ્તી આશરે બે કરોડ ૩૦ લાખની છે.

સ—બહુ સારૂં. છોકરાઓ હવે હિંદુસ્તાનના ભાગ, ઇલાકા, તથા તેના મુખ્ય શેહેરો વગેરે કહી ગયા તે યાદ રાખજો; ને બોલો હવે એ સઘળા ભાગની એટલે આખા હિંદુસ્તાનની જાણવા લાયક નદીઓનાં સામટાં નામ દઈ જાઓ?

જ—સિંધુ, બ્રહ્મપુત્રા, ગંગા એ સૌથી મોટી નદી. એ શિવાય બીજી નદીઓ ભાગીરથી, ગોગ્રા, શોણ, ચંબલ, જમના, ગોમતી હુગલી, સતલજ, બીઆસ, રાવી, ચીનાબ, જહલમ, સાબરમતી, મહી, નર્મદા, તાપી, માહા નદી, ગોદાવરી, કૃષ્ણા, તુંગભદ્રા, ને કાવેરી છે.

સ—એ બધી નદીઓ ઉપર કયા કયા શેહેરો જાણવા લાયક આવેલા છે તે બોલી જાઓ?

જ—સિંધુ ઉપર કરાંચી, ઠઠ્ઠા, હૈદ્રાબાદ, લારખાના, સક્કર, બકર, મીઠુનકોટ, દેરાગાઝીખાન, દેરાઈસમાલખાન, કાલાબાગ, અટક.
બ્રહ્મપુત્રા ઉપર જમાલપુર, ગોવળપાડા, દરંગ, વિશ્વનાથ, ગોરપુર વગેરે.
ગંગા ઉપર કાશી, મીરજાપોર, ફરૂકાબાદ કાનપોર, હરદ્વાર.
ભાગીરથી ઉપર પટણા, મોંગીર, ભાગળપુર. રાજમાહાલ (અકબરાબાદ), મુર્શીદાબાદ.
ગોગ્રા ઉપર અકબરપુર, સલીમપુર.
શોણ ઉપર સહસરામ, દેવરી.
ચંબલ ઉપર ધોળપુર, કોટા.
જમના ઉપર દીલ્હી, આગ્રા, ગોકુળ, મથુરાં.
ગોમતી ઉપર લખનોર, ફૈઝાબાદ.
હુગલી ઉપર કલકત્તા, શ્રીરામપુર.
સતલજ ઉપર લુધીઆના, ફીલ્લુર, અલીપાલ.
બીઆસ ઉપર જલંદર.
રાવી ઉપર લાહોર.
ચીનાબ ઉપર મૂલતાન, રામનગર.
જહલમ ઉપર જહલમ, કાશ્મીર, શ્રીનગર.
સાબરમતી ઉપર અમદાવાદ, સાદરા.
મહી ઉપર ખંભાત, લુણાવાડા,
નર્મદા ઉપર ભરૂચ, નાંદોદ. ચાનોદ, કર્નાળી, મંડલેશ્વર, જબલપુર.

તાપી ઉપર સુરત, રાંદેર, બરાનપુર,
માહાનદી ઉપર કટક, સંબલપુર.
ગોદાવરી ઉપર નાશીક, ઓરંગાબાદ, પૈઠણ, રાજમંદ્રી.
કૃષ્ણા ઉપર ગંતુર, હૈદ્રાબાદ.
તુંગભદ્રા ઉપર કર્ણુલ, હમસાગઢ.
કાવેરી ઉપર શ્રીરંગપટ્ટણ, ત્રીચીનોપોલી.

સ—ત્યારે પ્રયાગ, ઢાકા, મછલીપટ્ટણ, રાવળપીંડી, સરહીંદ, અમૃતસર એ શેહેરો કઇ નદી ઉપર આવેલા છે?

જ—ગંગા તથા જમના નદીના સંગમ ઉપર પ્રયાગ; ગંગા અને બ્રહ્મપુત્રા નદી વચ્ચે ઢાકા; કૃષ્ણા અને ગોદાવરી નદીના મુખ આગળ મછલીપટ્ટણ; જહલમ ને સિંધું નદી વચ્ચે રાવળપીંડી; જમના ને સતલજ નદી વચ્ચે સરહીંદ; અને બીઆસ ને રાવી નદી વચ્ચે અમૃતસર છે.

સ—ઉપલી નદીઓમાં તુંગભદ્રા નદીનું નામ શા ઉપરથી પડેલુંછે?

જ—તુંગા અને ભદ્રા એ બે નદીઓ એકઠી થયાથી તુંગભદ્રા નામ પડયું છે.

સ—હિંદુસ્તાનના મોટા મોટા જાણવા લાયક પર્વતો બોલો?

જ—હિમાલય પર્વત, શિવાલીક પાહાડ, વિંધ્યાચળ પર્વત, સાતપુડાનો પાહાડ, અને સહ્યાદ્રિ પર્વત.

સ—ઉપલા પર્વતો હિંદુસ્તાનમાં કયે ઠેકાણે છે?

જ—હિમાલય પર્વત છેક હિંદુસ્તાનની ઉત્તરે, શિવાલીક પાહાડ મધ્ય હિંદુસ્તાનમાં આવેલા પ્રાંતોની ઉત્તરે, વિંધ્યાચળ પર્વત નર્મદા નદીની ઉત્તર તરફ, સાતપુડાનો પાહાડ દક્ષિણમાં નર્મદા તથા તાપીનદીની વચ્ચે અને સહ્યાદ્રિ પર્વત દક્ષિણમાં માહારાષ્ટ્ર દેશમાં છે.

સ—હિમાલય એ કેવો પર્વત છે ને એનું નામ હિમાલય શાથી પડ્યું?

જ—હિમાલય એ પૃથ્વી ઉપર સૌથી ઉંચો પર્વત છે. હીમ તે ઠંડ ને આલય. તે જગો, ઠંડની જગો એટલે એ પર્વત ઉપર ઠંડ ઘણીજ પડેછે તેથી એનું નામ હિમાલય પડયું છે.

સ—હિમાલય પર્વત કેટલો ઉંચો તથા કેટલો લાંબો છે?

જ—આસરે પા માઇલ ઉંચો, ને ૧૫૦૦ માઇલ લાંબો છે.

સ—હિમાલય પર્વતમાંથી કઈ કઇ મુખ્ય નદીઓ નીકળે છે ને તેઓબધી ક્યાં મળેછે?

જ—સિંધુ, સતલજ, જમના, સાંપુ, ગંગા, બ્રહ્મપુત્રા, ને ઈરાવતી. સિંધુ આર્બી સમુદ્રને મળેછે; સતલજ નદી સિંધુ ને મળેછે; જમના નદી ગંગાને મળેછે; સાંપુ નદી બ્રહ્મપુત્રાને મળેછે; ને ગંગા, બ્રહ્મપુત્રા, ઈરાવતી નદી બંગાળાના ઉપસાગરને મળેછે.

સ—ઈરાવતી નદી ક્યા દેશમાં આવીછે, ને તેના ઉપર કયા શેહેરો આવ્યા છે?

જ—બ્રહ્મદેશમાં. ઈરાવતી ઉપર અમરપુર, રંગુન શેહેરો છે.

સ—સિંધુ, ગંગા, તથા બ્રહ્મપુત્રા નદીને મળનારી બીજી નદીઓ (તેની શાખાઓ) ના નામ દો?

જ—સતલજ, બીઆસ, રાવી, ચીનાબ, જહલમ એ સિંધુ નદીની શાખા. ગોગ્રા, શોણ, ચંબલ, જમના, ગોમતી, હુગલી, રામ ગંગા એ બધી ગંગા નદીની શાખા. સાંપુ, ડીબો, ડીસંગ, નીલકમર વગેરે બ્રહ્મપુત્રા નદીની શાખા છે.

સ—ઉપલી સિંધુ, ગંગા, તથા બ્રહ્મપુત્રા નદીને મળનારી નદીઓનાં મૂળ કયાં છે?

જ—એ નદીઓનાં ઘણીખરીનાં મૂળ હિમાલય પર્વતના શિખરો તથા કાશ્મીર પ્રાંતમાં છે. તેમ કેટલીકના મધ્ય તરફના પ્રાંતો, અને કેટલીકના ટિબેટના પ્રાંતોમાં છે.

સ—હિમાલય પર્વતના ઊંચામાં ઊંચા શિખરો ક્યાં, અને તે ક્યાં છે તે બોલો!

જ—એના ઊંચા શિખરો કૈલાસ, ધ્વાલાગીરી, જમનોત્રી, ચમલેરી, કંચીજંગ, અને નંદ પર્વત છે. કૈલાશ પંજાબની ઉત્તરે, ધ્વાલાગીરી નેપાલની ઉત્તરે, જમનોત્રી જમના નદીના મૂળ પાસે, ચમલેરી ભૂતાનની ઉત્તરે, કંચીજંગ સિકિમની વાયવ્ય દિશા તરફ, અને નંદ પર્વત કાશ્મીરમાં છે.

સ—ત્યારે વીંધ્યાચળ પર્વતના પેટામાં બીજા કયા પર્વતો આવ્યાછે ને તે ક્યાં છે તે બોલો!

જ—એના પેટામાં આબુ પર્વત ને ગીરનારનો પહાડ છે. આબુ મારવાડમાં સીરોહીની પાસે, અને ગીરનાર કાઠિઆવાડમાં જુનાગઢની પાસે છે.

સ—સાતપુડા પર્વતમાંથી કઇ કઇ નદીઓ નીકળે છે ને તે બધી ક્યાં મળેછે?

જ—નર્મદા ને તાપી, તે બંનો ખંભાતના અખાતને મળેછે.

સ—ત્યારે સાબરમતી ને મહી નદી ક્યાંથી નીકળીને કોને મળેછે?

જ—સાબરમતી નદી મહીકાંઠાના ઉત્તરના પાહાડમાંથી નીકળે છે, ને મહી નદી માળવાના પાહાડમાંથી નીકળે છે ને બંનો ખંભાતના અખાતને મળેછે.

સ—ત્યારે સહ્યાદ્રિ પર્વતમાંથી કઇ કઇ નદીઓ નીકળે છે, અને તે બધી ક્યાં મળેછે તે કોહો?

જ—ગોદાવરી, કૃષ્ણા, ને તુંગભદ્રા, ગોદાવરી ને કૃષ્ણા, નદી બંગાળાના ઉપસાગરને મળેછે. ને તુંગભદ્રા નદી કૃષ્ણા નદીને મળેછે.

સ—સહ્યાદ્રી પર્વતના પેટામાં ડુંગરો અથવા ઊંચી ટેકરીઓ કઇ કઈ આવી છે?

જ—એમાં નીળધરી, મહાબળેશ્વર, પુરનધર, ટોંગાર વગેરે સારી હવા લાયક ટેકરીઓ છે.

સ—બંગાળાના ઊપસાગરને જે જે નદીઓ મળેછે તે બધીનાં નામ સામટાં કહી જાઓ?

જ—ગંગા, બ્રહ્મપુત્રા, ઇરાવતી, માહાનદી, ગોદાવરી, કૃષ્ણા ને કાવેરી.

સ—હિંદુ લોકો હિંદુસ્તાન માંહેલી ચાર નદીઓ પવિત્ર ગણેછે તે કઇ, અને કેવી રીતે?

જ—તે નદીઓ તાપી, રેવા, જમના, ને ગંગાછે.

તાપી સ્મરણે, રેવા દર્શણે, જમના પાને, અને ગંગા સ્નાને. એટલે તાપી નદીનું સ્મરણ કરવાથી, રેવા નદીના દર્શણ કરવાથી, જમના નદીનું આચમન કરેથી, અને ગંગા નદીમાં નાહાવાથી પાપ નીવારણ થાયછે. પણ તેમાં સૌથી મોટીતાપી નદી ગણેછે, કેમકે એ નદીનું તો ગમે ત્યાં ફકત સ્મરણ કરેથીજ પાપની મૂક્તી થાયછે.

સ—હિંદુસ્તાનમાં ચારે દિશાએ હિંદુઓના ચાર મોટાં જાત્રાનાંધામ છે તે કયા કયા?

જ—ઉત્તરે બદ્રીનાથજીનું સ્થાનક, પૂર્વે જગન્નાથજીનું સ્થાનક,

દક્ષિણે રામેશ્વર, અને પશ્ચિમે દ્વારકાનાથજી છે.

સ—એ ચાર તીર્થો હિંદુસ્તાનમાં કયે ઠેકાણે અથવા કયા કયા ઈલાકામાં આવ્યાંછે?

જ—બદ્રિનાથજી આગ્રા, ઈલાકાની ઉત્તરે છે, જગન્નાથજી બંગાળા ઈલાકામાં દક્ષિણ તરફ દરિઆ કીનારે છે, રામેશ્વર મદ્રાસ ઈલાકાની દક્ષિણે દરિઆના નાના બેટમાં આવ્યું છે, અને દ્વારકાનાથજી ગુજરાતના કાઠિઆવાડ ભાગમાં છેક પશ્ચિમ હદની અણી ઉપર છે.

સ—ઉપલા ચાર તીર્થો શિવાય હિંદુસ્તાનમાં જાત્રાનાં બીજાં કયા કયા મોટાં તીર્થો છે?

જ—બદ્રિનાથજીને ઈશાન ખૂણે કેદારનાથ છે. તેમજ બંગાળા ઈલાકામાં પટણાની દક્ષિણે ગયાજી, જ્યાં (શ્રાદ્ધ સારેથી પિતૃની મુક્તિ થાયછે). આગ્રા ઈલાકામાં કાશી, પ્રયાગ ગોકુળ, મથુરા, (વંદ્રાવન), હરદ્વાર એ હિંદુઓનાં મોટાં ક્ષેત્ર છે. એ શિવાય મેવાડમાં ઉદેપુરની ઉત્તરે શ્રીનાથજી, તેમજ ગુજરાતમાં અંબાજી, બહુચરાજી, શામળાજી, ડાકોર, આનોદ, કલ્યાળી, પાલીતાણા, ગોરનાર, બેટ, અને દક્ષિણમાં નાશીક, ત્રાંબક, પંઢરપુર એ પણ મોટાં જાત્રાનાં ઠેકાણાં છે.

સ—હિંદુસ્તાનમાં ગુજરાતના પશ્ચિમ તરફના ભાગને શું કેહે છે, અને તેમાં મુખ્ય શેહેર કયુંછે?

જ—તે ભાગને કાઠિયાવાડ કહેછે, તેમાં મુખ્ય શેહેર રાજકોટ આજી નદી ઉપર છે.

સ—હિંદુસ્તાનમાં બેટો કયા કયા આવ્યાછે?

જ—એમાં ફક્ત મોટો બેટ સિંહલદ્વીપ તે દક્ષિણે છે, તથા નૈરૃત્ય ખુણા તરફ મલબાર કીનારે લક્ષદ્વીપ ને માળદ્વીપ એવા નાના બેટો છે.

સ—સિંહલદ્વીપનું બીજું નામ શું, અને તે આગળ કોની રાજધાની હતી?

જ—એનું બીજું નામ સીલોન અથવા લંકા, તે આગળ રાવણની રાજધાની હતી.

સ—લંકા બેટ અંગ્રેજ સરકારને હાથ ક્યારે આવ્યો?

જ—એ બેટ ડચ લોકો પાસે હતો તે સન ૧૭૯૬ માં અગ્રેજોએ તેમની પાસેથી લઇ લીધો.

સ—લંકા વિશે લોકોની કેહેતી શું ચાલેછે.

જ—લોકો વખતે વાતમાં વાત ચલાવે છે કે લંકામાં સોનું બહુએ છે તે આપણને શું કામનું? પણ ભાઈ ત્યાં સોનું તો નથી, પણ ખાવાની તજ તો બહુ થાયછે; તથા એરીપો બંદર આગળ કેટલેક ઠેકાણે મોતી પાકેછે.

સ—લંકામાં નદીઓ કઈ કઈ આવીછે?

જ—એમાં માહાવીલી ગંગા, કાવાની ગંગા, અને કાલુ ગંગા એ ત્રણ મોટી નદીઓ છે.

સ—લંકા અથવા સિંહલદ્વીપમાં મુખ્યશેહેર તથા બંદરો કયા આવ્યાંછે?

જ—એમાં મુખ્ય શેહેર કાન્ડીછે. તથા ત્રિનકોમાલી, પોઇન્ટદીગાલ, કોલંબો, એરીપો, મોટાં બંદરો છે.

સ—બંગાળાનાઉપસાગરમાંજાણવાલાયક બેટો કયા કયાઆવ્યાછે?

જ—એમાં નીકોબાર, આન્ડામાન, સાંગાપોર, પીનાંગ વગેરે નાના નાના બેટો છે.

સ—ત્યારે પાકની સામુદ્રધુની તથા માનારના અખાત વચ્ચે કયા બેટો છે?

જ—રામેશ્વર તથા માનારનો બેટ છે.

સ—હિંદુસ્તાનમાં અખાતો કયા કયા આવ્યાછે?

જ—કચ્છનું અખાત ને ખંભાતનું અખાત પશ્ચિમ તરફ છે, માનારનું અખાત દક્ષિણે, ને બંગાળાનું અખાત (ઉપસાગર) પૂર્વ તરફ છે.

સ—હિંદુસ્તાનમાં કેપ (ભુશીરો) કયા કયા આવ્યાછે?

જ—દક્ષિણે કેપ કન્યાકુમારી તથા દીવ ભુશીરછે.

સ—હિંદુસ્તાનમાં સામુદ્રધુની કઈ કઈ આવીછે?

જ—પાકની સામુદ્રધુની, તે હિંદુસ્તાન તથા સિંહલદ્વીપ વચ્ચેછે.

સ—પાકની સામુદ્રધુની કોને કોને સાંધેછે?

જ—મનારનું અખાત તથા બંગાળાના ઉપસાગને.

સ—કેપ કન્યાકુમારી, સહ્યાદ્રિ, ઓઢિઆ, જગન્નાથ, કાશી, પ્રયાગ, અયોધ્યા, સિંધુ અથવા અટક, નર્મદા, ગોગ્રા, જમના, એને

વાસ્તે બીજા નામ શું છે?

જ—કેપ્ કન્યાકુમારીને કેપ કોમોરીન, સહ્યાદ્રિને પશ્ચિમ ઘાટ, ઓઢિઆને ઓરીસા, જગન્નાથને પુરી, કાશીને બનારસ, પ્રેયાગને એલાહાબાદ, અંયોધ્યાને આઉદ, સિંધુ અથવા અટકને ઇનડસ નદી, નર્મદાને રેવા નદી, ગોગ્રાને શરયુ, જમનાને યમુના, અને ગંગાને તેના મુળથી થોડે છેટે ભાગીરથી નદી કહેછે.

સ—હિંદુસ્તાનમાં દ્વિપકલ્પ કયા આવ્યાછે તે બોલો?

જ—એમાં દ્વિપકલ્પ એકે જાણવા જોગ નથી પણ હિંદુસ્તાન એજ દ્વિપકલ્પ છે, તે બંગાળાના ઉપસાગર તથા આરબી સમુદ્ર વચ્ચે આવેલો છે. બીજો દ્વિપકલ્પ ગણીએ તો હિંદુસ્તાનમાં ગુજરાતના પેટાનો પશ્ચિમ તરફનો ભાગ કાઠિઆવાડ છે, તેની આસપાસ કછનું તથા ખંભાતના અખાતનું અને આરબી સમુદ્રનું પાણી છે.

સ—હિંદુસ્તાનમાં રાજગાદીના સૌથી મોટાં શેહેરો કયાં?

જ—કલકત્તા, મદ્રાસ, ને મુંબઈ.

સ—કલકત્તા નામ શાથી પડ્યું તે તમે જાણોછો?

જ—હાજી; કોઈ મુસલમાને કડબનો ભારો કાપીનેમુકેલો તેને બીજાએ પુછ્યું કે આ ભારા તુમને કોનસે દીન કાટા "તુમને કોનસે દીન કાટા" ત્યારે તેણે જવાબ દીધો કે એ તો (કલકટ્ટા) તે ઉપરથી કલકત્તા નામ પડ્યું છે.

સ—હિંદુસ્તાનમાં ફિરંગી લોકોના રાજ કયે કયે ઠેકાણે છે?

જ—મુંબઈથી દક્ષિણ તરફનું ગોઆ, કાઠિઆવાડની દક્ષિણ તરફનું દીવ બંદર, અને ગુજરાતમાં સુરત જીલ્લાની દક્ષિણ તરફનું દમ્મણ, એ ત્રણ ઠેકાણે ફિરંગીઓના રાજ છે.

સ—ઉત્તર તથા દક્ષિણ હિંદુસ્તાન શાથી જુદા પડેછે?

જ—વિંધ્યાચળ પર્વત તથા નર્મદા નદીથી.

સ—હિંદુસ્તાનમાં વેપારના મુખ્ય બંદરો કયા કયા છે?

જ—કલકત્તા, મદ્રાસ, પોન્ડીચરી, કોલંબો, ત્રિનકોમાળી, પોઇન્ટ દીગાલ, કોચીન, કેલીકટ, મંગલુર, ગોઆ, રત્નાગીરી, મુંબઈ, સુરત, ભાવનગર, દીવ, માંગરોળ, પોરબંદર ને કરાંચી.

સ—હિંદુસ્તાનમાં બાહાર દેશાવરનો માલ કયા કયા મૂલકથી આવે?

જ—એમાં વેપારનો માલ ચીન, સિયામ, સિંગાપોર, અને વિલાયતથી ઘણો આવેછે તેની પેદાસ તે લોકોને બહુ થાયછે.

સ—હિંદુસ્તાનમાં રેલવે કંપનીઓ કઈ કઇ આવી છે?

જ—ઈસ્ટ ઈન્ડિઆ રેલવે, ઈસ્ટર્ન બેંગોલ, ઇસ્ટજબલપોર, પંજાબ રેલવે, દીલ્હી રેલવે, લાહોર અને રાવલપીંડી, અયોધ્યા ને રોહીલખંડ, મદ્રાસ લાઈન ગ્રેટ સધર્ન ઇન્ડિઆ, ગ્રેટ ઇન્ડિઅન પેનિનશુલા, મુંબઈ વડોદરા રેલવે, સિંધ રેલવે, અને સાઉથ ઇસ્ટ રેલવે.

સ—હિંદુસ્તાનમાં મુખ્ય દેશી રજ્યો ક્યાં ક્યાં આવેલાછે?

જ—ઘણા ખરા દેશી રાજ્યો સરહીંદ, માળવા, રંજપૂતસ્થાન, બુદેલખંડ, અને ગુજરાતમાં છે; પણ બધા કરતાં નિજામનું રાજ દક્ષિણમાં સૌથી મોટું છે.

સ॰—હિંદુસ્તાનમાં જે મુખ્ય દેશી રાજ્યો હોય તેનાં નામ દો?

જ—મણીપુર, કુશબાહાર, સિકિમ, ગોવાળીએર, ધોળપુર, ભરત પોર, અલવાર, જેપુર, વીકાનેર, ભાવલપુર, જેસલમીર, એરપુર, જોદ્ધપુર, કચ્છ, કાઠિઆવાડ, વડોદરૂં, સીરોહી, ઉદેપુર, બુન્ડી, કોટા, ઇનદોર, ભોપાળ, સતારા, કોલાપુર, સાવંતવાડી, હૈદ્રાબાદ, મહિસૂર, કોચીન ત્રાવણકોર વગેરે.

સ—ઉપલા દેશી રજ્યો હિંદુસ્તાનમાં કઈ કઈ જગ્યાએ છે?

જ—મણીપુર (બ્રહ્મદેશનું)—બંગાળાની પૂર્વે.

કુશબાહાર—ભૂતાનની નૈરત્યે.

સિકિમ—નેપાલ તથા ભૂતાનની વચ્ચે.

ગોવાળીએર (સંધીઆનું)–આગ્રાની દક્ષિણે.

ધોળપુર—આગ્રાંની નૈરત્યે.

ભરતપોર (જાટ લોકોનું)—આગ્રાની પશ્ચિમે.

અલવાર—જેપુરની ઇશાને.

જેપુર—જોદ્ધપુરની પૂર્વે, ને આગ્રાની પશ્ચિમે.

વીકાનેર—જેસલમીરની પૂર્વે.

ભાવલપુર—જેસલમીરની ઉત્તરે.

જેસલમીર—મારવાડની ઉત્તરે.

ખેરપુર (અમીર નવાબનું)-જેસલમીરની પશ્ચિમે.

જોદ્ધપુર (મારવાડનું)-અજમેરની પશ્ચિમે.

કચ્છ (રાણા રાવનું)-સિંધની દક્ષિણે.

કાઠિઆવાડ (ખંડિઆ રાજાઓનું)—ગુજરાતની પશ્ચિમ તરફનો ભાગ.

વડોદરૂં (ગાયકવાડનું)-ગુજરાતમાં વિશ્વામીત્રી ઉપર.

સીરોહી—ગુજરાતની ઉત્તરે ને જોદ્ધપુરની દક્ષિણે.

ઊદેપુર (મેવાડના રાણાનું)-મેવાડમાં બરાસ ઉપર.

બુન્ડી—જેપુરની દક્ષિણે, ને મેવાડની પૂર્વે.

કોટા—મેવાડની પૂર્વે, ને બુન્ડીની દક્ષીણે.

ઈનદોર (હોલકરનું)-માળવામાં ઉજ્જનની દક્ષિણે.

ભોપ્પાળ (બેગમનું)-માળવામાં ઉજ્જનની પૂર્વે.

સતારા—પુનાની દક્ષિણે.

કોલાપુર—સતારાની દક્ષિણે.

સાવંતવાડી—રત્નાગીરીની દક્ષિણે કોલાપુરની નૈરૂત્યે.

હૈદ્રાબાદ (નિજામનું)-મદ્રાસ ઇલાકામાં કૃષ્ણા નદીની ઉત્તરે.

મહિસુર—દક્ષિણમાં મલબારની પૂર્વે.

કોચીન—મલબારની દક્ષિણે, દરિઆ કીનારે.

ત્રાવણકોર—મદ્રાસ ઇલાકાની દક્ષિણે,

સ—ઉપલા રાજ્યોના મૂલકો હિંદુસ્તાનમાં કેવી રીતના છે?

જ—એ અંગ્રેજ સરકારના આસરા તળેના મૂલકો છે.

સ—આસરા તળેના મુલકો તે કેવા, તે સમજાવો?

જ—આસરા તળેના મુલકો એટલે જે અંગ્રેજ સરકાર સાથે બંડી- આતા હોય તે, અથવાં જેની દેખરેખ અંગ્રેજ સરકાર રાખતી હોય, અને જે અંગ્રેજ સરકારને પુરતું માન આપતા હોય તે.

સ—હિંદુસ્તાનમાં સ્વતંત્ર દેશી રાજ્યો કયા ક્યા છે?

જ—કાસ્મીર, નેપાલ, ને ભૂતાન.

સ—સ્વતંત્ર દેશી રાજ્યો એટલે કેવા તે સમજાવો?

જ—સ્વતંત્ર દેશી રાજ્યો એટલે પોતાના રાજ્યનો વહિવટ પોતેજ

ચલાવે તે, અને જે કોઇના કોઈ પણ પ્રકારના તાબામાં નહીં તે.

સ—હિંદુસ્તાનમાં સારી હવા લાયક જગ્યાઓ કઇ કઈ છે?

જ—હિમાલયના ડુંગરાની નીચે સતલજ નદીની પાસે સીમલા એ યુરોપીઅનોને રેહેવાની સારી હવાવાળી જગ્યા છે, ને અહીંઆ હિંદુસ્તાનના ગવરનર જનરલ સાહેબ રેહેછે. બીજી એજ પર્વતની નીચવાણે પંજાબમાં જહલમ નદી આગળ મરી, અને સિકિમની દક્ષિણે દારજીલીંગ, એ પણ સારી હવા વાળી ટેકરીઓ છે. એ શિવાય સહ્યાદ્રિ પર્વતની પાસે માહાબલેશ્વરનો ડુંગર, નીલગરી પર્વત, અને ટુંગારની ટેકરી, એ પણ સારી સુખાકારી હવાની જગ્યા છે.

સ—કાસ્મીર, સીરોહી, પાટણ, માંગરોળ, માળવા, બરાનપોર, થાણા, પૈઠણ, નાગપોર, મુર્શીદાબાદ, ઢાકા, ઓરીસા, ગોવળકોંડા, મછલીપટ્ટણ, મલબાર, એ પ્રાંતો તથા શેહેરો ક્યાં છે ને તે શાને વાસ્તે નામીચાં છે?

જ—કાશ્મીર—હિંદુસ્તાનની ઉત્તરે, જહલમ નદી ઉપર શાલને વાસ્તે નામીચું.

સીરોહી—ગુજરાતની ઉત્તરે આબુની પાસે, તરવાર.

પાટણ—ગુજરાતમાં ડીસાની દક્ષિણે, પટોળાં ને સુડી.

માંગરોળ—કાઠિઆવાડની દક્ષિણે સોપારી.

માળવા—ગુજરાતની પૂર્વે, અફીણ.

બરાનપુર—ખાનદેશની પૂર્વે, તાપી ઉપર. સેલારસ.

થાણા—ગુજરાતની છેક દક્ષિણે, બોટીઆં.

પૈઠણ—માહારાષ્ટ્રમાં ગોદાવરી ઉપર, પાઘડીઓ.

નાગપોર—વરાડ પ્રાંતમાં ઉમરાવતીની પૂર્વે, ધોતીઆં.

મુર્શીદાબાદ—ભાગીરથી ઉપર, વેપારનાં કારખાનાં.

ઢાકા—બંગાળા ઈલાકામાં ભાગીરથી તથા બ્રહ્મપુત્રા નદી મધ્યે, વેપારનાં કારખાનાં.

ઓરીસા—બંગાળા ઈલાકામાં નૈરૂત્યે, હીરા.

ગોવળકોંડા—મદ્રાસ ઇલાકામાં હૈદ્રાબાદમાં, હીરા

મછલીપટ્ટણ—મદ્રાસ ઈલાકામાં દરિઆ કાંઠે ગોદાવરી તથા

કૃષ્ણાના મુખ આગળ, મલમલ.

મલબાર—મહિસૂરની પશ્ચિમે દરિઆ કાંઠે, લાકડાં તથા મરી.

સ—શીખ લોકોની, મોગલ લોકોની, સિંધીઆની, મારવાડની, મેવાડની, વિક્રમરાજાની, હોલકરની, ખાનદેશની, બીરારના રાજાની, માહારાષ્ટ્ર અથવા પેશવાની, તૈલંગણની, નિજામના રાજની, ફીરંગી લોકોની, ઉત્તર કેનેડાની, અને ફ્રેન્ચ લોકોની રાજધાની કઈ અને તે ક્યાં છે?

જ—શીખ લોકોની રાજધાની અમૃતસર, પંજાબ ઇલાકામાં બીઆસ ને રાવી નદી વચ્ચે.

મોગલ લોકોની દીલ્હી, પંજાબ ઇલાકામાં જમના નદી ઉપર.

સિંધીઆની કનોજ ને ગોવાળીઅર; કનોજ આગ્રાની પૂર્વે, ને ગોવાળીઅર આગ્રાની દક્ષિણે.

મારવાડની જોદ્ધપુર, અજમેરની પશ્ચિમે.

મેવાડની ઉદેપુર, સીરોહીની પૂર્વે.

વિક્રમ રાજાની ઉજ્જન, માળવામાં ક્ષીપ્રા નદી ઉપર હોલકરની ઇનદોર, માળવામાં ઉજ્જનની દક્ષિણે. ખાનદેશની ધુળીઆ, માહારાષ્ટ્રમાં પાંજરા નદી ઉપર બીરારના રાજાની નાગપોર, વરાડમાં ઊમરાવતીની પૂર્વે માંહારાષ્ટ્ર અથવા પેશવાની પુના, માહારાષ્ટ્રમાં મુળ મુઠાનદી ઉપર.

તૈલંગણની વરંગુળ, નિજામના રાજમાં હૈદ્રાબાદની ઇસાને.

નિજામના રાજની હૈદ્રાબાદ, મદ્રાસ ઇલાકામાં કૃષ્ણા નદીની ઉત્તરે.

ફીરંગી લોકોની ગોવા, માહારાષ્ટ્રમાં સાવંતવાડીની દક્ષિણે.

ઉત્તર કેનેડાની હોનાવર, માહારાષ્ટ્રમાં ગોવાની દક્ષિણે ફ્રેન્ચ લોકોની પોન્ડીચરી, મદ્રાસની દક્ષિણે.

સ—હિંદુસ્તાનનું રાજ ઇસ્ટ ઇન્ડીઆ કંપની પાસે હતું તે આપણા રાણીસાહેબે પોતાના હાથમાં ક્યારે લીધું?

જ—તારીખ ૧ લી નવેમબર સન ૧૮૫૮ ને રોજ.

સ—હિંદુસ્તાનની લંબાઈ પોહોળાઇ કેટલી છે તે કોહો?

જ—ઉત્તરે કાશ્મીર પ્રાંતથી દક્ષિણે કેપ કન્યાકુમારી સુધી એ દેશની

લંબાઇ આશરે ૧૯૦૦ માઇલ, ને પશ્ચિમે સિંધથી તે પૂર્વે આસામના મૂલક સુધી પોહોળાઈ આસરે ૧૮૦૦ માઇલ છે.

સ—હિંદુસ્તાનનું ક્ષેત્રફળ તથા વસ્તી કેટલી છે તે કોહો?

જ—ક્ષેત્રફળ આસરે ૧૪,૯૫૦૦૦ ચોરસ માઇલ, ને વસ્તી (લંકા બેટ સાથે) આસરે ૧૭ કરોડ ૮૦ લાખની છે.

સ—હિંદુસ્તાનની મુખ્ય પેદાસ શું થાયછે તે કોહો?

જ—ખાંડ, કપાસ, ગળી, રેશમ, હાથી દાંત, અફીણ, સુરોખાર, ચોખા, મીઠું, શાલ બનાવવાનું ઉન, હીરા, અને સાગનું લાકડું વગેરે. તેમાં કાશ્મીરની શાલ અને ગોવલકોંડા અને ઓરીસા પ્રાંતના હીરા ઘણા વખણાય છે.

હિંદુસ્તાનનાં મુખ્ય શેહેરો તથા શેહેરોને લગતા કસબાની વસતીનો આસરો.

અટક	૨૦૦૦	પંજાબમાં સિંધુ ઉપર, પેશાવરની પૂર્વે.
શ્રીનગર	૩૦૦૦	ગંગાના મૂળ પાસે, સરાનપુરની ઇસાને
અયોધ્યા.	૮૦૦૦	આગ્રા ઈલાકામાં, ગોગ્રા ઉપર.
ઇડર.	૧૦૦૦૦	ગુજરાતમાં, પાટણની પૂર્વે.
ઠઠા.	૧૦૦૦૦	સિંધ પ્રાંતમાં, સિંધુ નદી ઉપર.
રાંદેર.	૧૦૦૦૦	ગુજરાતના સુરત જીલ્લામાં, તાપી ઉપર.
સાવંતવાડી.	૧૦૦૦૦	દક્ષિણ માહારાષ્ટ્રમાં ગોવાની ઉત્તરે.
ગોવા.	૧૦૦૦૦	દક્ષિણ માહારાષ્ટ્રમાં, સાવંતવાડીની દક્ષિણે.
બોરસદ.	૧૧૦૦૦	ગુજરાતમાં, ખેડા જીલ્લાની દક્ષિણે.
મહુધા.	૧૧૦૦૦	ગુજરાતમાં ખેડા જીલ્લામાં, નડીઆદની ઉત્તરે.
થાણા.	૧૨૦૦૦	ગુજરાતમાં, સુરત જીલ્લાની દક્ષિણે.
સ્થાનેશ્વર.	૧૨૦૦૦	આગ્રા ઇલાકામાં, જમનાની પાસે.
હોનાવર.	૧૨૦૦૦	દક્ષિણ માહારાષ્ટ્રમાં, કેનેડાનું મુખ્ય શેહેર.
ખેડા.	૧૨૦૦૦	ગુજરાતમાં, વાત્રક શેઢીના સંગમપર.
કપડવંજ.	૧૨૦૦૦	ગુજરાતમાં, ખેડા જીલ્લાની ઉત્તરે.
શ્રીરામપોર.	૧૩૦૦૦	બંગાળા ઇલાકામાં, હુગલીને કાંઠે.
જંબુસર.	૧૩૦૦૦	ગુજરાતમાં, ભરૂચ જીલ્લાની ઉત્તરે.

શ્રીરંગપટ્ટણ	૧૩૦૦૦	મદ્રાસ ઇલાકામાં, કાવેરી ઉપર.
રાંધણપોર.	૧૪૦૦૦	ગુજરાતમાં, બનાસ ઉપર.
ઉમરેઠ.	૧૪૦૦૦	ગુજરાતમાં, ખેડા જીલ્લાની પૂર્વ તરફ.
વિજયનગર.	૧૫૦૦૦	મદ્રાસમાં, વિજાગાપટ્ટણની ઉત્તરે.
ઇનદોર.	૧૫૦૦૦	માળવામાં, ઉજ્જનની દક્ષિણે.
કેલીટક.	૧૫૦૦૦	મદ્રાસ ઇલાકામાં, કાનાનુરની દક્ષિણે.
રાવળપીંડી.	૧૬૦૦૦	પંજાબ ઈલાકામાં, અટકને અગ્નિ ખૂણે.
દીનાપુર.	૧૬૦૦૦	પટણાની પાસે, ભાગીરથીને કાંઠે.
કનોજ.	૧૬૦૦૦	આગ્રા ઇલાકામાં આગ્રાની પૂર્વે.
વીરમગામ.	૧૬૦૦૦	ગુજરાતમાં, અમદાવાદની પશ્ચિમે.
રાજમંદ્રિ.	૧૬૦૦૦	મદ્રાસ ઈલાકામાં ગોદાવરી ઉપર.
પાલણપોર.	૧૮૦૦૦	ગુજરાતમાં ઉત્તરે, ડીસાની પૂર્વે.
ગંતુર.	૨૦૦૦૦	મદ્રાસ ઇલાકામાં, કૃષ્ણા નદી ઉપર.
કર્નુળ.	૨૦૦૦૦	મદ્રાસ ઈલાકામાં, કૃષ્ણા નદી ઉપર.
નલ્લુર.	૨૦૦૦૦	મદ્રાસની ઉત્તરે, પનાર ઉપર.
માંગલુર.	૨૦૦૦૦	ગોવાની દક્ષિણે, દરિઆ કીનારે.
ટાલચરી.	૨૦૦૦૦	કાનાનુરની દક્ષિણે; દરિઆ કાંઠે.
પોરબંદર.	૨૦૦૦૦	ગુજરાતમાં, કાઠિઆવાડની દક્ષિણે.
પંઢરપુર.	૨૦૦૦૦	માહારાષ્ટ્રમાં, ભીમા નદી ઉપર.
બરાનપોર.	૨૦૦૦૦	ખાનદેશની પૂર્વે. તાપી ઉપર.
કોચીન.	૨૦૦૦૦	મદ્રાસ ઈલાકામાં, કેલીકટની દક્ષિણે.
ભાવલપુર.	૨૦૦૦૦	પંજાબની દક્ષિણે, ધારા નદી ઉપર.
ધોળકા.	૨૦૦૦૦	ગુજરાતમાં, અમદાવાદની દક્ષિણે.
ભુજ.	૨૦૦૦૦	કચ્છ પ્રાંતમાં, માંડવીની ઉત્તરે.
નડિઆદ.	૨૧૦૦૦	ગુજરાતમાં, ખેડાની અગ્નિ તરફ.
પણીપત.	૨૨૦૦૦	પંજાબ ઇલાકામાં, દીલ્હીની ઉત્તરે.
હૈદ્રાબાદ.	૨૪૦૦૦	સિંધમાં, ખૈરપુરની દક્ષિણે.
નાશીક.	૨૬૦૦૦	માહારાષ્ટ્રમાં, ગોદાવરી નદી ઉપર.
ત્રાંકવીબાર.	૨૫૦૦૦	મદ્રાસ ઇલાકામાં, તંજાવરની પૂર્વે.
બાહર.	૨૫૦૦૦	પટણાની અગ્નિ તરફ.
અજમેર	૨૫૦૦૦	જોદપુરની પૂર્વે.

કડી.	૨૫૦૦૦	ગુજરાતમાં, અમદાવાદની વાયવ્ય.
મછલીપટ્ટણ	૨૮૦૦૦	ગોદાવરી તથા કૃષ્ણાના મુખ પાસે.
શીકારપૂર.	૩૦૦૦૦	સિંધુ નદી પાસે, ખૈરપુરની ઉત્તરે.
મીરત.	૩૦૦૦૦	દીલ્હીની ઈસાને.
પોન્ડીચરી.	૩૦૦૦૦	મદ્રાસની દક્ષિણે, દરિઆ કાંઠે.
ત્રિનકોમાલી	૩૦૦૦૦	લંકામાં પૂર્વતરફ, દરિઆ કાંઠે.
ત્રિચીનોપોલી	૩૦૦૦૦	મદ્રાસ ઈલાકામાં, કાવેરી નદી ઉપર.
અકબરાબાદ	૩૦૦૦૦	બંગાળામાં, ભાગીરથીને કાંઠે.
જગન્નાથ.	૩૦૦૦૦	બંગાળા ઈલાકામાં દક્ષિણે, દરિઆ કાંઠે.
બેલ્લારી.	૩૧૦૦૦	મદ્રાસ ઈલાકામાં, કર્ણુળની નૈરુત્યે.
ભરૂચ.	૩૨૦૦૦	ગુજરાતમાં, નર્મદા નદી ઉપર.
ચંદ્રનગર.	૩૨૦૦૦	બંગાળા ઇલાકામાં, શ્રી રામપોરની ઉત્તરે.
જેસલમીર.	૩૫૦૦૦	ભાવલપુરની દક્ષિણે.
કટક.	૪૦૦૦૦	બંગાળા ઈલાકામાં, માહા નદી ઉપર.
જુનાગઢ.	૪૦૦૦૦	કાઠિઆવાડમાં, ગીરનારની પાસે.
ગયાજી.	૪૩૦૦૦	બંગાળા ઇલાકામાં પટ્ણાની દક્ષિણે.
લુધિઆણા.	૪૭૦૦૦	સતલજ નદીની પાસે, સિમલાની પશ્ચિમે.
ખંભાત.	૫૦૦૦૦	ગુજરાતમાં, મહી નદી ઉપર.
ખટમન્ડુ.	૫૦૦૦૦	સિકિમની પશ્ચિમે, ગોરકપુરની ઇસાને.
વીકાનેર.	૫૦૦૦૦	ભાવલપુરની પૂર્વે.
વેલુર.	૫૦૦૦૦	મદ્રાસ ઈલાકામાં, આર્કાટની પશ્ચિમે.
મથુરા.	૫૦૦૦૦	આગ્રા ઇલાકામાં, જમના નદી ઉપર.
કોલંબો.	૫૦૦૦૦	લંકામાં નૈરુત્યે, દરીઆ કીનારે.
બરદવાન.	૫૪૦૦૦	બંગાળામાં, કલકત્તાની વાયવ્યે.
આર્કાટ.	૫૪૦૦૦	વેલુરની પૂર્વે, પાલાર ઉપર.
પેશાવર.	૫૪૦૦૦	પંજાબ ઇલાકામાં, અટકની પશ્ચિમે.
કરાંચી.	૫૫૦૦૦	સિંધ પ્રાંતમાં, સિંધુ નદી ઉપર.
મહિસૂર.	૬૦૦૦૦	મદ્રાસ ઇલાકામાં, મલબારની પૂર્વે.
ઔરંગાબાદ.	૬૦૦૦૦	ગોદાવરી નદી ઉપર, પૈઠણની ઉત્તરે.
ઝાંસી.	૬૦૦૦૦	બુંદેલ ખંડમાં, ગોવાળીઅરની દક્ષિણે.
સાજેનપોર.	૬૩૦૦૦	આગ્રા ઈલાકામાં, બરેલીની અગ્નિએ.

એલાહાબાદ.	૬૫૦૦૦	ગંગા તથા જમના નદીના સંગમ ઉપર.
ફરૂકાબાદ.	૬૬૦૦૦	કનોજની ઇસાને, ગંગાને કાંઠે.
ઢાકા.	૬૭૦૦૦	ભાગીરથી તથા બ્રહ્મપુત્રા નદી વચ્ચે.
પુના.	૮૦૦૦૦	માહારાષ્ટ્રમાં, મુળમુઠા નદી ઉપર.
જોદપુર.	૮૦૦૦૦	મારવાડમાં, સીરોહીની ઉત્તરે.
તજાવર.	૮૦૦૦૦	ત્રિચીનોપોલીની પૂર્વે, કાવેરીની શાખાપર.
મૂલતાન.	૮૦૦૦૦	પંજાબ ઇલાકામાં, ચીનાબ ઉપર.
મીરજાપોર.	૮૦૦૦૦	એલાહબાદની અગ્નિએ, ગંગાને કાંઠે.
તંજુર.	૯૦૦૦૦	મદ્રાસ ઈલાકામાં, મથુરાની દક્ષિણે.
સુરત.	૯૦૦૦૦	ગુજરાતમાં, તાપી નદી ઉપર.
અમૃતસર.	૯૦૦૦૦	પંજાબમાં, બીઆસને રાવી નદી વચ્ચે.
આગ્રા.	૧૦૦૦૦૦	આગ્રા ઇલાકામાં, જમના નદી ઉપર.
ભરતપોર.	૧૦૦૦૦૦	આગ્રાની પશ્ચિમે.
ફૈજાબાદ.	૧૦૦૦૦૦	લખનોરની પુર્વે.
લાહોર.	૧૦૦૦૦૦	પંજાબ ઇલાકામાં, રાવી નદી ઉપર.
બરેલી.	૧૧૦૦૦૦	આગ્રાની ઇશાને, રામગંગાની શાખાપર.
કાનપોર.	૧૧૦૦૦૦	લખનોરની નૈરૂત્યે, ગંગાને કાંઠે.
નાગપોર.	૧૧૫૦૦૦	ઇલીચપુરની પૂર્વે, વરાડ પ્રાંતમાં.
અમદાવાદ.	૧૩૦૦૦૦	ગુજરાતમાં, સાબરમતી નદી ઉપર.
વડોદરૂં.	૧૩૦૦૦૦	ગુજરાતમાં વિશ્વામીત્રી નદી ઉપર.
દીલ્હી.	૧૬૦૦૦૦	પંજાબ ઇલાકામાં, જમના ઉપર.
મુર્શીદાબાદ.	૧૬૫૦૦૦	બંગાળા ઇલાકામાં, ભાગીરથીને કાંઠે.
કાશી.	૧૮૪૦૦૦	એલાહાબાદની પૂર્વે, ગંગાને કાંઠે.
હૈદ્રાબાદ.	૨૦૦૦૦૦	મદ્રાસ ઇલાકામાં, મુસી નદી ઉપર.
પટણા.	૨૮૪૦૦૦	બંગાળા ઇલાકામાં, ભાગીરથીને કાંઠે.
લખનોર.	૩૦૦૦૦૦	આગ્રા ઇલાકામાં, ગોમતી નદી ઉપર.
કલકત્તા.	૪૦૦૦૦૦	બંગાળા ઇલાકામાં, હુગલી નદી ઉપર.
મદ્રાસ.	૭૨૦૦૦૦	બંગાળાના ઉપસાગરમાં, દરીઆ કાંઠે.
મુંબઈ.	૮૨૫૦૦૦	આરબી સમુદ્રમાં, કોકણ પટીના કીનારા ઉપર બેટમાં.

સંક્ષેપમાં લખેલા શબ્દોનો ખુલાસો.

n.	stands for	noun........................	નામ.
adj.	,,	adjective.. ....,...	વિશેષણ.
pro.	,,	pronoun.................	સર્વનામ.
v.	,,	verb	ક્રિયાપદ.
inf.	,,	infinitive mood	
adv.	,,	adverb.........	ક્રિયાવિશેષણ અવ્યય.
prep.	,,	preposition.........	શબ્દયોગી અવ્યય.
conj.	,,	conjunction...... ..	ઉભયાન્વયી અવ્યય.
interj.	,,	interjection... ..	કેવળપ્રયોગી અવ્યય.
p. p.	,,	past participle....,	ભૂત કૃદંત.
pr. p.	,,	present participle.;	વર્તમાન કૃદંત

——— oOo ———

NOTICE.

This book can be had at the firm of Jugjeewan Dulputram at Ahmedabad, Baletan's Huveli near Three Gates.